Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीमहाभारत चित्रावलि

મહાભારતને લગતાં ૨૬ ચિત્રો—માહાત્મ્ય,
મંગલાચરણ, સ્મરણાંજલિ, ઈ૦ સાથે

सस्तुं साहित्य वर्धक कार्यालय
સ્થળ: અમદાવાદ અને મુંબઈ–૨
મૂલ્ય ૦॥૦ પાકું પૂંઠું ૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् *

पुस्तक की संख्या ११/१२ (१५)

पुस्तकालय-पञ्जिका-संख्या १२९६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[illegible] प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CHECKED 1973
Initial

महाभारत साथे अपायला लेखोनी शरूमां अपायलुं

मंगलाचरण

ॐकारं बिंदुसंयुक्तं नित्यं ध्यायंति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥

બિંદુસહિત ૐકાર-(જે પરબ્રહ્મ પરમાત્માનું સર્વથી ટૂંકું અને સર્વોપરિ નામ છે) જેનું યોગીપુરુષો નિત્ય ધ્યાન કરે છે અને જે કામ તથા મોક્ષના દાતા છે; તે પરબ્રહ્મ ૐકારને વારંવાર નમસ્કાર કરૂં છું.

सर्वदा सर्वकार्येषु नास्ति तेषाममंगलम् ।
येषां हृदिस्थो भगवान् मंगलायतनो हरिः ॥

સર્વ મંગળોના ભંડાર (અને ઉદાર દાતા) એવા ભગવાન શ્રીહરિ, જે કોઇ મનુષ્યના હૃદયમાં (દર્શન, સ્મરણ કે કથા—કીર્તનાદિદ્વારા) વિરાજમાન હોય છે; તેનું સર્વદા અને સર્વ કાર્યોમાં અમંગળ તો થતુંજ નથી—અર્થાત્ મંગળજ થાય છે.×

नमोऽस्त्वनंताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे ।
सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटी युगधारिणे नमः ॥

અંત રહિત, હજારો સ્વરૂપવાળા અને હજારો ચરણ, નેત્ર, મસ્તક, સાથળ તથા બાહુવાળા એવા આપ પરમાત્માને નમસ્કાર હો. હજારો નામવાળા અને સહસ્ર કોટી યુગોને ધારણ કરનારા એવા આપ શાશ્વત પરમાત્માને નમસ્કાર હો.

× આમાં તલમાત્ર પણ અતિશયોક્તિ નથી; પરંતુ પરમાત્માના મહિમા અને આજ્ઞાને જાણ્યા-અનુસર્યાવિના માત્ર **श्रीकृष्ण शरणं मम** કે એકાદ સ્તોત્ર-ભજન બોલી જવાથી અથવા દેવસ્થાને જઇ આવવાથી કલ્યાણ થઇ જાય; અથવા તો સાધનચતુષ્ટયરૂપી દિવ્ય સંપત્તિ મેળવ્યાવિના માત્ર **अहं ब्रह्मास्मि** કે વિચારસાગર વાંચી જવાથી જીવનમુક્ત બની જવાય અને 'हमको क्या लगता है' એવું નભી જાય; એવું જરાપણ સમજવાનું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यं ब्रह्मावरुणेंद्ररुद्रमरुतः स्तुन्वंति दिव्यैः स्तवै-
र्वेदैः सांगपदक्रमोपनिषदैर्गायंति यं सामगाः ।
ध्यानावस्थित तद्गतेन मनसा पश्यंति यं योगिनो
यस्यां तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥

બ્રહ્મા, વરુણ, ઇંદ્ર, રુદ્ર અને મરુત્ (વાયુ) વગેરે દેવતાઓ જેમની દિવ્ય સ્તોત્રોવડે સ્તુતિ કરે છે; સામવેદનું ગાન કરનારા મુનિઓ અંગો, પદ, ક્રમ અને ઉપનિષદોસહિત વેદોવડે જેમની સ્તુતિ ગાય છે; ધ્યાનમાં સ્થિર થયેલા યોગીઓ તેમાં ગયેલા ચિત્તવડે જેમનાં દર્શન કરે છે; અને દેવો તેમજ અસુરો જેમના પારને પામી શકતા નથી; એવા આપ પરમાત્મદેવને અનેકાનેક નમસ્કાર હો.

असितगिरि समं स्यात् कज्जलं सिंधुपात्रे
सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं
तदपि तव गुणानामीश पारं न याति ॥

મહાસાગરરૂપી ખડીઓ હોય; નીલગિરિ પર્વત જેટલું કાજળ હોય; શ્રેષ્ઠ કલ્પવૃક્ષની ડાળીની કલમ હોય; પૃથ્વીરૂપી કાગળ હોય અને એને ગ્રહીને સરસ્વતી પોતે સર્વ કાળ લખ્યા કરે; તોપણ હે નાથ! આપના મહાન ગુણોનો પાર આવે તેમ નથી.

सत्यव्रतं सत्यपरं त्रिसत्यं सत्यस्य योनिं निहितं च सत्ये ।
सत्यस्य सत्यं ऋतसत्यनेत्रं सत्यात्मकं त्वां शरणं प्रपद्ये ॥

હે સત્યસંકલ્પ! હે સત્યથી પણ શ્રેષ્ઠ! હે ત્રણે કાળમાં સત્યસ્વરૂપ! હે સત્યના અપૂર્વ ભંડાર અને મહાન ઝરાસ્વરૂપ! હે સત્યમાં વસી રહેલા! હે સત્યના પણ સત્યસ્વરૂપ! હે ઋત અને સત્યરૂપી નેત્રોવાળા! અને હે સત્યના પણ આત્મા એવા પરમાત્મદેવ! હું આપને શરણે આવ્યો છું.

त्वमेव माता च पिता त्वमेव त्वमेव बंधुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वं मम देवदेव ॥

હે દેવતાઓના પણ દેવતા! મારાં માતા પણ તમે છો ને પિતા પણ તમે છો; બંધુ પણ તમે છો ને સખા પણ તમે છો; મારે વિદ્યા પણ તમે છો ને દ્રવ્ય પણ તમે છો; વધારે શું કહું! મારે તો સર્વ કાંઈ તમેજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्यात्मना वा प्रकृतेः स्वभावात्।
करोमि यद्यत्सकलं परस्मै नारायणायेति समर्पयामि ॥

કાયાથી, વાણીથી, મનથી, ઇંદ્રિયોથી, બુદ્ધિથી, આત્માથી કિંવા પ્રકૃતિના સ્વભાવથી હું જે કંઇ કરૂં; તે આપ નારાયણના ચરણકમળમાં સમર્પણ કરૂં છું.

यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो ।
बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्तेति नैयायिकाः ॥
अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेति मीमांसकाः ।
सोऽयं नो विदधातु वांच्छित फल त्रैलोक्यनाथो हरिः ॥

જે પરમાત્માને શિવના ઉપાસકો 'શિવ' નામથી, વેદાન્તીઓ 'બ્રહ્મ' નામથી, બૌદ્ધો 'બુદ્ધ' નામથી, પ્રમાણકુશળ નૈયાયિકો 'કર્તા' નામથી, જૈનશાસનપ્રેમીઓ 'અર્હન્' (અરિહંત) નામથી અને મીમાંસકો 'કર્મ' નામથી ઉપાસે છે; એવા તે ત્રિલોકીના નાથ શ્રીહરિ અમને મનવાંચ્છિત ફળ આપજો.*

अजातपक्षा इव मातरं खगाः स्तन्यं यथा वत्सतराः क्षुधार्ताः ।
प्रियं प्रियेवाप्युषितं विषण्णा मनोऽरविंदाक्ष दिदृक्षते त्वाम् ॥

હે કમળનેત્ર પ્રભો ! જેમ પક્ષીઓનાં પાંખો આવ્યા વિનાનાં બચ્ચાં પોતાની માતાને જોવા ઇચ્છે છે; બહુજ ક્ષુધાર્ત વત્સો જેમ સ્તનમાંથી દૂધ ઇચ્છે છે; અને જેમ વિયોગી સ્ત્રી પરદેશ ગયેલા પતિને આવેલા જોવા ઇચ્છે છે; તેવીજ આતુરતાથી મારૂં મન સદાસર્વદા આપને ઇચ્છે એવી કૃપા કરો.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ॥

આ જગતમાં સર્વ પ્રાણીપદાર્થ સુખી થાઓ; સર્વ કોઇ વિકારરહિત થાઓ; સર્વ કોઇ કલ્યાણને જુઓ–પામો અને કોઇને કાંઇપણ દુઃખ થાઓ નહિ.

---

* વાંચનાર ! પરમાત્માનાં આ નામોમાં મુસ્લીમોના અલ્લાહ, પારસીઓના અહુર્મજદ અને ખ્રિસ્તીઓના ગૉડ, એ વગેરે નામો પણ ઉમેરી લેવા જેવાં છે. કેમકે એ પણ તે પરમાત્માનાંજ નામ હોવાથી એ નામોદ્વારા પણ પરમાત્માને ઉપાસીને અનેકાનેક માનવો પરમાત્મદર્શી અને કૃતકૃત્ય બન્યાં છે. જૂદા જૂદા ધર્મસંપ્રદાયવાળાઓને લડાવી મારવાવાળા તો પેલા–તે તે ધર્મ–સંપ્રદાયના અંદખાંમાં ખપતા પોથાંપંડિતોજ હોય છે; કે જેઓ ત્રિવિધ તાપને બદલે છ પ્રકારના તાપથી તપતા હોય છે. માટે હવે તો સૌ કોઇએ બીજાઓ ઉપરાન્ત એવાઓથી પણ ચેતી જઇને એકબીજા વચ્ચે બંધુભાવ વધે, એવુંજ કરવું જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वैदिक प्रार्थना

ॐअग्ने नय सुपथा राये अस्मान् विश्वानि देव वयुनानि विद्वान् ।
युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठां ते नम उक्तिं विधेम ॥

હે પ્રકાશસ્વરૂપ પરમાત્મન્! હે અમારાં સર્વ કર્મોના જ્ઞાતા પ્રભો! અમે આપને વારંવાર નમસ્કાર કરીને પ્રાર્થીએ છીએ કે, આપ અમને સદાએ શુભ માર્ગે દોરવજો તથા અશુભ અને પાપના માર્ગથી દૂર રાખજો.

भद्रं कर्णेभिः श्रुणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेमहि देवहितं यदायुः ॥

હે પરમેશ્વર! એવી કૃપા કરો કે અમે આપના સાચા ભક્ત થઇને સદાયે કાનથી પવિત્ર શબ્દો સાંભળીએ; નેત્રોથી સુખકર દશ્યો જોઇએ; તથા આપની કૃપાથી બળવાન અંગોવાળા થઇને સદા આપની સ્તુતિ કરીએ અને દીર્ઘાયુ ભોગવીએ.

आ ब्रह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसी जायताम्, आ राष्ट्रे राजन्यः शूरइषव्योऽतिव्याधीमहारथो जायताम्, दोग्ध्रीधेनुर्वोढा नड्वा नाशुःसप्तिः पुरन्धिर्योषा, जिष्णू रथेष्ठाः, सभेयो युवास्य यजमानस्य वीरो जायताम् । निकामे निकामे नः पर्जन्यो वर्षतु, फलवत्यो न ओषधयः पच्यन्तां, योगक्षेमो नः कल्पताम् ॥

હે પ્રભો ! આ વિશાળ દેશમાં બ્રહ્મવર્ચસવાળા (તેજસ્વી અને બ્રહ્મવેત્તા) બ્રાહ્મણો ઉત્પન્ન થાઓ; અસ્ત્ર ને શસ્ત્રવિદ્યામાં નિપુણ, દુષ્ટોનું દમન કરનારા, નિર્ભય અને મહાબળવાન વીર ક્ષત્રીઓ ઉત્પન્ન થાઓ; દૂધ આપનારી ગાયો, ભારવાહી બળદો, શીઘ્રગામી ઘોડાઓ, વ્યવહારકુશળ સ્ત્રીઓ અને શત્રુઓને જીતનારા મહારથી વિજયી પુરુષો ઉત્પન્ન થાઓ; યજમાનોનાં ઘર વીર પુત્રોથી ભરપૂર થાઓ; આવશ્યકતા પ્રમાણે વૃષ્ટિ થાઓ; ઉત્તમ ફળોને આપનાર વૃક્ષાદિ ઔષધિઓ પાકો; અને અમો સર્વનું યોગક્ષેમ (અપ્રાપ્તની પ્રાપ્તિ અને પ્રાપ્તિનું રક્ષણ) થાઓ.

ॐ द्यौः शान्तिरन्तरिक्षँ शान्तिः पृथिवी शान्तिरापः
शान्तिरोषधयः शान्तिः सर्वँ शान्तिः शान्तिखेः शान्तिः
सामाशान्तिरेधि–ॐ शान्तिः शान्तिः शान्तिर्ब्रह्म शान्तिः॥

હે 'ॐ' નામવાળા પ્રભો ! આકાશ શાંત થાઓ; અંતરિક્ષ શાંત થાઓ; પૃથ્વી શાંત થાઓ; જલ શાંત થાઓ; ઔષધિઓ (વનસ્પતિઓ) શાંત થાઓ; સર્વ પ્રાણીપદાર્થ શાંત થાઓ; સર્વત્ર શાંતિ થાઓ–શાંતિ થાઓ; હે ॐ પ્રભો ! શાંતિ થાઓ, શાંતિ થાઓ, શાંતિ થાઓ; હે બ્રહ્મ ! શાંતિ થાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आपणने महाभारत अने रामायण जेवो अनुपम वारसो आपी जनारा

महर्षिओने स्मरणांजलि

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥

અનંત બ્રહ્માંડાધિપતિ શ્રીમન્નારાયણને, પોતાના ચારિત્રબળવડે ભગવાનના પોતાનાજ મુખથી पांडवानां धनंजयः અર્થાત્ 'પાંડવોમાં અર્જુન હું છુ" એવું સાંભળવાને ભાગ્યશાળી થએલા ધનુર્ધારી અર્જુનને, તથા ઉત્તમ નરોમાં પણ પરમોત્તમ (અને અધર્મીઓનો નાશ, ધર્મનું સ્થાપન તથા સાધુજનોનું રક્ષણ કરનારા) એવા શ્રીકૃષ્ણ ભગવાનને, અને સુવિદ્યાનાં પ્રેરક એવાં શ્રી સરસ્વતી દેવી-ને નમસ્કાર કરીનેજ મહાભારતરૂપી જયગ્રંથનો આરંભ કરવો.×

लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते ।
ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति ॥

× મહર્ષિ વ્યાસ ભગવાન આપણને આવી પરમ હિતાવહ સૂચના કરી ગયા છે; તેનું પરિપાલન પ્રત્યેક પાઠક અને વક્તા કરતા હશે અને કરશેજ; પરંતુ એ ઉપરાંત આપણ-ને રામાયણ અને મહાભારતાદિ અપૂર્વ ગ્રંથો વારસામાં આપી જવાવાળા એ પ્રાતઃ-સ્મરણીય મહર્ષિઓનું પણ આપણે સ્તવન-સ્મરણ કરવું જોઇએ. કેમકે એથી કૃતઘ્નતાના દોષમાંથી છૂટવા ઉપરાન્ત ઉન્નતિપ્રદ શુભ સંસ્કારોને જગાડવા-વધારવામાં તથા અનેકવિધ અવદશાઓમાંથી બચવા-છૂટવામાં આપણને બહુ સારી સહાયતા મળે છે. બ્રાહ્મણ-સંતાનો પોતાના આવા આવા પૂર્વજોનાં નામ, કામ, સમજણ, આદેશ, ઇત્યાદિ મહાન વારસાને ભૂલી જઇ બાહ્ય વિષયોની અને વિષયી માનવોની ઉપાસના પાછળ મંડી ગયા; તેથીજ તેમને ઘણાકોને શૂદ્રો, પાખંડીઓ અને રખડતા ભીખારીઓના જેવા નિષિદ્ધ ધંધા આદરવા પડ્યા છે. હજુ પણ સવળે રસ્તે વળાય તો તક છે. કેમકે જે પરમાત્મદર્શી મહર્ષિઓએ મહાભારત અને રામાયણને વારસામાં આપીને હિંદુસંતાનોને અત્યારસુધી આટલા પ્રમાણમાં પણ હિંદુપણામાં ટકાવી રાખ્યા છે; તે હિંદુજાતિ અત્યારે પણ (જો એ ભૂદેવો પોતાનાં પૂર્વજોની નીતિરીતિ પકડતા ચાલે તો) તેમને અન્ન-વંદનાદિવડે તો બનતા પ્રકારે વધારેજ સત્કારશે. માટે એ મહાન પૂર્વજોનાં નામકામાદિનાં સ્મરણ-વંદન અને અનુસરણ સમજુ બ્રહ્મસંતાનોએ તો અવશ્ય સાચા રૂપરંગથી ચાલુ કરી દઈ દિવ-સાનુદિવસ વધારતાજ ચાલવું જોઇએ. એ મહર્ષિઓનાં સ્મરણ-સ્તવનાદિ માટે જુઓ આપણને શ્લોક પણ કેવા મનોહર અને લાલિત્યપૂર્ણ મળ્યા છે, કે જેના ભાવભર્યા ઉપ-યોગથી આપણું હૃદય પવિત્ર અને સુસંસ્કૃત થયાવિના રહેજ નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લૌકિક સાધુ-વિદ્વાનોની વાણી (ગમે તેટલી છટાવાળી હોય તોપણ અંતરેચ્છા તો લૌકિક પદાર્થોનીજ હોય છે તેથી તે) લૌકિક પદાર્થોને (અને પદાર્થોના લૌકિક માલીકોને)જ અનુસરે છે-અર્થાત્ ઇચ્છે છે, યાચે છે, તાબે રહે છે; ત્યારે (આ તરફ વ્યાસ-વાલ્મીકાદિ તો લૌકિક વસ્તુસ્થિતિઓથી ઉપરામ રહીને પરમાત્મ-ધ્યાનમાં એકનિષ્ઠ થયા તેથીજ 'મુનિ' કહેવાયા, અને એને પરિણામે પરમાત્મ-દર્શનને પામ્યા, તેથીજ 'મહર્ષિ'પદ પામ્યા હતા; તેથી એવા) બ્રહ્મવેત્તા ઋષિઓની વાણીને તો ઉલટા લૌકિક પદાર્થો (અને પદાર્થવાળાઓ) જ અનુસરે છે-આધીન રહે છે. તાત્પર્ય કે પૂર્ણકામ બ્રહ્મવેત્તાઓ, અને લૌકિક વિષયેચ્છુ વિદ્વાનોની યોગ્યતા અને કથન-કવન વચ્ચે આસમાનજમીન જેટલો તફાવત હોય છે.

तमृषिं मनुष्यलोकप्रवेशविश्रामशाखिनं वाचाम् ।
सुरलोकादवतारप्रान्तरखेदच्छिदं वन्दे ॥

સરસ્વતીને દેવલોકમાંથી માનવલોકમાં અવતરતાં થયેલા ખેદને છેદવાવાળા, અને સરસ્વતી દેવી મનુષ્યલોકમાં આવ્યા પછી આ જગતમાં તેને વિશ્રામ આપનારા વૃક્ષરૂપ બનેલા, એવા તે (વ્યાસ-વાલ્મીકાદિ સર્વ) ઋષિજનોને હું વંદના કરૂં છું.

महर्षि व्यास भगवान प्रत्ये-

श्रवणाञ्जलिपुटपेयं विरचितवान्भारताख्यममृतं यः ।
तमहमरागमतृष्णं कृष्णद्वैपायनं वन्दे ॥

કર્ણરૂપી અંજલિવડે પીવાલાયક ભારત નામનું અમૃત જેમણે રચ્યું છે, એવા રાગરહિત અને તૃષ્ણારહિત ભગવાન કૃષ્ણદ્વૈપાયન વ્યાસને હું વંદન કરૂં છું.

नमः सर्वविदे तस्मै व्यासाय कविवेधसे ।
चक्रे पुण्यं सरस्वत्या यो वर्षमिव भारतम् ॥

જેમણે આ ભરતખંડને પોતાની અદ્ભુત સરસ્વતીવડે (ઉદ્ધારક વિદ્યાનાં જ્ઞાન-દાન અને ધર્મ-ધ્યાનના આચાર-પ્રચારમાટે, અત્યંત હિતકારક અમર ગ્રંથો રચી આપી જઇને) પવિત્ર કર્યો છે; એવા તે સર્વજ્ઞ અને કવિઓના વિધાતા મહર્ષિ વ્યાસ ભગવાનને અનેકાનેક નમસ્કાર કરૂં છું.

नमोऽस्तु ते व्यास विशालबुद्धे फुल्लारविंदायतपत्रनेत्र ।
येन त्वया भारततैलपूर्णः प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ॥*

* આ તેમજ આગળના સર્વથી પહેલા શ્લોક સિવાયના બધા શ્લોક 'સુભાષિત-રત્ન ભાંડાગાર'માંથી લેવાયા છે. ઇશ્વરેચ્છા તો એ ગ્રંથ પણ અત્ર તરફથી નીકળે ખરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે વિશાળ બુદ્ધિવાળા અને ખીલેલા કમળ જેવાં પ્રફુલ્લ નેત્રવાળા વ્યાસ ભગવાન! આપ કે જેમણે મહાભારતરૂપી પાત્રમાં (અનેકવિધ ચરિત્રો અને ધર્મોરૂપી) તેલ પૂરીને (અમો સામાન્ય માનવોને વ્યવહારપરમાર્થના ઉભય માર્ગો યથાવત્ સૂઝાડે એવો) જે અદ્‌ભુત ગીતારૂપી જ્ઞાનદીપક પ્રકટાવ્યો છે; તેને માટે આપને અમારા અનેકાનેક નમસ્કાર હો.

अचतुर्वदनो ब्रह्मा द्विबाहुरपरो हरिः ।
अभाललोचनः शंभुर्भगवान्बादरायणः ॥

હે બાદરાયણ વ્યાસમુનિ! આપ ચાર મુખવાળા નથી તોપણ બીજા બ્રહ્મા છો; બે હાથવાળા છો તોપણ બીજા ચતુર્ભુજ શ્રીહરિ છો; અને કપાળ ઉપર ત્રીજું નેત્ર નથી તોપણ આપ બીજા શંકર છો.

व्यासगिरां निर्यासं सारं विश्वस्य भारतं वंदे ।
भूषणतयैव संज्ञां यदङ्कितां भारती वहति ॥

આપ વ્યાસમુનિની દિવ્ય વાણીના ભંડાર તથા ઝરારૂપ અને વિશ્વમાં સર્વ વેદશાસ્ત્રાદિના સારભૂત એવા શ્રીમહાભારતને હું નમસ્કાર કરૂં છું. કારણકે તે ગ્રંથના નામ ઉપરથી અંકિત કરાયલા પોતાના 'ભારતી' એવા નામને સરસ્વતી દેવી, એક ઉત્તમ આભૂષણતરીકે ધારણ કરે છે.

आदिकवि–महर्षि वाल्मीकि प्रत्येः–

कवीन्दुं नौमि वाल्मीकिं यस्य रामायणीं कथाम् ।
चंद्रिकामिव चिन्वन्ति चकोरा इव साधवः ॥

ચકોર પક્ષીઓ જેમ ચંદ્રિકાને શોધે, તેમ સાધુપુરુષો જેની રચેલી શ્રીરામકથાને (રામાયણને) આતુરતાપૂર્વક શોધ્યા કરે છે અને જે કવિઓમાં ચંદ્રસમાન છે; એવા આદિકવિ મહર્ષિ વાલ્મીકિને હું નમસ્કાર કરૂં છું.

सदूषणापि निर्दोषा सखरापि सुकोमला ।
नमस्तस्मै कृता येन रम्या रामायणी कथा ॥

દૂષણવાળી છતાં પણ નિર્દોષ અને ખરવાળી છતાં પણ સુકોમળ* એવી મનોહર રામાયણ કથા જેમણે રચીછે; એવા તે કવિકુલગુરુ મહર્ષિ વાલ્મીકિને હું નમસ્કાર કરૂં છું.

* અહીં દેખીતી રીતે તો વિરોધાભાસ અલંકાર થાય છે; પણ તેનો ઉંડો અર્થ એ છે કે, **સદૂષણા** એટલે કે દૂષણ નામક રાક્ષસની કથા એમાં છે, તોપણ રામાયણ નિર્દોષ છે; તથા **સખરા** એટલે ખર નામક રાક્ષસની કથા એમાં છે તોપણ રામાયણ કોમળ છે. આ અર્થ જાણ્યા પછી એ વિરોધ રહેતો નથી. "સુભાષિતરત્નભાન્ડાગાર"માંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

योगींद्रश्छन्दसां स्रष्टा रामायणमहाकविः ।
वल्मीकजन्मा जयति प्राच्यः प्राचेतसो मुनिः ॥

યોગીઓના ઇંદ્ર, છંદોના સર્વથી પહેલા સ્રજનાર, રામાયણના કર્તા મહાકવિ, પ્રાચીન એવા પ્રચેતાના પુત્ર, તથા શરીરપર વલ્મીક—એટલે માટીનો રાફડો—જામી ગયો ત્યાં સુધી ધ્યાનનિષ્ઠા સેવીને મહર્ષિપદને જન્માવનારા (પ્રાપ્ત કરનારા) એવા મહામુનિ વાલ્મીકિ (તેમની રામાયણરૂપી રચનાદ્વારા હજી પણ સર્વત્ર) જય જયકાર પામે છે.

सति काकुत्स्थकुलोन्नतिकारिणि रामायणेऽपि किं काव्यम् ।
रोहति कुल्या गंगापूरे किं बहुरसे वहति ॥

રાઘવકુળની ઉન્નતિને પ્રકાશિત કરવાવાળું રામાયણ કાવ્ય હયાત છતાં આ સંસારમાં અન્ય કાવ્યની શી જરૂર છે? જ્યાં ઘણા જળવાળું ગંગાનું પૂર વહી રહ્યું હોય, ત્યાં પછી અન્ય નાની નદીને વહેવાનું શું પ્રયોજન! ×

× સમજુ સમાજસેવકો! બીજાત્રીજા પ્રકારની લોકસેવા તમે બજાવતા હો, તેને માટે જેવી તમારી મરજી; પણ એવા મહત્ત્વપૂર્ણ ગ્રંથો છપાવી ખોટ ખાઇને પણ તમે પૂરા પાડી શકો એવી સગવડો ઉભી કરો; અને એથી પણ બહુ વધારે અગત્યની વાત તો એ છે કે, રામાયણ અને મહાભારતને લગતી કથાઓ, કહાણીઓ, નિબંધમાળાઓ અને વ્યાખ્યાનમાળાઓ પણ ખૂબાખૂબ જગાવો અને ફેલાવો. વળી આવા મહાપરોપકારી ઋષિમુનિઓ, અને તેમણે વર્ણવેલા મહાત્મા-વીરાત્માદિના સંબંધમાં જયંતિઓને લગતા પણ જબરજસ્ત મેળાઓ તથા અગત્યના પ્રસંગોને લગતા નાટ્યપ્રયોગો પણ સાર્વજનિક અને ટીકીટવગરના જલસાઓરૂપે ભરો-ભરાવો; તો તમારો પોતાનો યશ (અને તમો તેને માટે પણ પૂર્ણ નિષ્કામ હો તોપછી એથી પણ વધારે મહત્ત્વનો આન્તરિક લાભ) પણ કેટલો બધો પ્રાપ્ત થાય! જે સેવાસમિતિઓ અને સેવકમંડળો મોટે ભાગે ધનિકોનાંજ છોકરાંને—અને તે પણ સરકારીયુંજ શિક્ષણ શીખવવા માટે યોજવા-ચલવવામાં આવે છે; તેમને પણ પ્રભુ એને બદલે આવાં તેવાં અનેકવિધ કામો યોજવા ચલવવાનું સૂઝાડે; અને નિરાધાર અનાથોમાંથી હલકા માનવો પાકતા હોય તેને બદલે તેમનામાંથી સમાજસેવકો અને ઉત્તમ કામદારો પકવવાની શક્યતા અને યોજના તેમના મનમાં ઉપજાવે; તથા કીર્તિપ્રેમી રાજસ આગેવાનોના પંજામાંથી તેમને છોડવીને એવાં એવાં અનેકવિધ દિવ્યાતિદિવ્ય કાર્યોમાં કર્તાધર્તા કે નિમિત્તભૂત બનવાની તેમને મતિગતિ આપે; કે જેથી ભારતમૈયાની તળસ્પર્શી સેવાઓ બજાવાઇને ભારતવાસીઓનો દુઃખદારિદ્ર્યમાંથી વહેલો છૂટકો થાય, એજ પ્રાર્થના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भारतसावित्री–स्तोत्र

(આ મહાભારતમાંથી લેવાયું છે.)

मातापितृ सहस्राणि पुत्रदार शतानि च ।
संसारेष्वनुभूतानि यान्ति यास्यन्ति चापरे ॥१॥
हर्षस्थान सहस्राणि भयस्थान शतानि च ।
दिवसे दिवसे मूढमाविशन्ति न पण्डितम् ॥२॥

અનંત સંસારોમાં મનુષ્યને હજારો માતાઓ તથા પિતાઓનો અને સેંકડો સ્ત્રીપુત્રાદિનો અનુભવ થયેલો છે; વર્તમાનકાળમાં થઈ રહ્યો છે; અને ભવિષ્યમાં પણ થશે. આ જગતમાં હર્ષનાં પણ હજારો સ્થાન છે અને ભયનાં પણ સેંકડો સ્થાન છે; પરંતુ મૂઢ (અજ્ઞાની) મનુષ્યોમાંજ તે દિવસાનુદિવસ પગપેસારો કરે છે; જ્ઞાની મનુષ્યોમાં નહિ. ૧–૨

ऊर्ध्वं बाहुर्विरौम्येष नात्र कश्चित् शृणोति मे ।
धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥३॥

(મહર્ષિ વ્યાસ મુનિ કહે છે કે,) મારા બાહુઓ ઉંચા કરીને હું પોકાર કરૂં છું તોપણ આ લોકમાં મારૂં કોઇ સાંભળતુંજ નથી. તે એ કે, " હે માનવો ! ધર્મ-થીજ અર્થ અને ભોગની પ્રાપ્તિ થાય છે, છતાં પણ તમે શામાટે ધર્મનું સેવન કરતા નથી ? " ૩

न जातु कामान्न भयान्न लोभात् धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।
धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये। जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥४॥

કામ, ભય, લોભ અથવા જીવિત માટે પણ કદી તમારે ધર્મનો ત્યાગ કરવો નહિ. કેમકે ધર્મ નિત્ય છે અને સુખદુઃખ તો અનિત્ય છે; તથા જીવ નિત્ય છે અને સંસારના કારણરૂપ જીવનાં શરીરાદિ તો અનિત્ય છે. ૪

इमां भारतसावित्रीं प्रातरुत्थाय यः पठेत् ।
स भारतफलं प्राप्य परं ब्रह्माधिगच्छति ॥५॥

જે પુરુષ આ ભારતસાવિત્રીનું નિત્ય પ્રાતઃકાળે પઠન કરે છે, તે ભારતના ફળને પ્રાપ્ત કરીને પરિણામે પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

महाभारतमाहात्म्य×

पाराशर्यवचःसरोजममलं गीतार्थ गंधोत्कटं। नानाख्यानककेसरं हरिकथा संबोधना बोधितम्
लोके सज्जनषट्पदैरहरहः पेपीयमानं मुदा। भूयाद्भारत पंकजं कलिमलप्रध्वंसि नः श्रेयसे ॥

પરાશરના પુત્ર મહર્ષિ વ્યાસદેવના વાણીરૂપી સરોવરમાં ઉગેલું આ મહાભારતરૂપી કમળ, કે જે ગીતાર્થરૂપી ઉત્કટ (તીવ્ર) સુગંધવાળું છે; જે નાના પ્રકારનાં આખ્યાનોરૂપી કેસરવાળું છે; જે હરિકથાના ઉપદેશવડે પ્રફુલ્લ થયેલું છે; જે કળિકાળનાં પાપરૂપી મળનો વિનાશ કરવાવાળું છે; સજ્જનરૂપી ભ્રમરો આ લોકમાં જેના રસનું નિરંતર આનંદપૂર્વક પાન કર્યા કરે છે; તે (શ્રીમદ્ મહાભારત ગ્રંથ) સદાય અમારૂં કલ્યાણ કરનાર થાઓ.

यत्र विष्णुकथा दिव्याः श्रुतयश्च सनातनाः। तच्छ्रोतव्यं मनुष्येण परं पदमिहेच्छता ॥
श्रूयतां सिंहनादोऽयमृषेस्तस्य महात्मनः। अष्टादश पुराणानां कर्तुर्वेदमहोदधेः ॥

આ લોકમાં જે મનુષ્ય પરમપદને ઇચ્છતો હોય તેણે, જેમાં ભગવાન વિષ્ણુની દિવ્ય કથાઓ વર્ણવી છે અને જેમાં સનાતન શ્રુતિઓનું પ્રતિપાદન કરેલું છે, એવું આ મહાભારત સાંભળવું યોગ્ય છે. અઢાર પુરાણોના સ્રષ્ટા અને જ્ઞાનના મહાસાગરરૂપ મહાત્મા વેદવ્યાસ ઋષિનો આ સિંહનાદ છે કે, "તમે નિત્ય મહાભારતનું શ્રવણ કરો."

धर्मशास्त्रमिदं पुण्यमर्थशास्त्रमिदं परम्। मोक्षशास्त्रमिदं प्रोक्तं व्यासेनामितबुद्धिना ॥
भारतं सर्वशास्त्राणामुत्तमं भरतर्षभ। संप्रत्याचक्षते चेदं तथा श्रोष्यन्ति चापरे ॥

અમાપ બુદ્ધિવાળા ભગવાન વ્યાસે કહેલું આ મહાભારત પવિત્ર ધર્મશાસ્ત્ર છે; ઉત્તમ અર્થશાસ્ત્ર છે અને પરમ મોક્ષશાસ્ત્ર પણ છે. હે ભરતશ્રેષ્ઠ! સર્વ શાસ્ત્રોમાં મહાભારત આવું ઉત્તમ હોવાથીજ સાંપ્રતમાં વિદ્વાનો તેનું વાંચન-શ્રવણ કરે છે અને હવે પછી પણ કરશે.

योधीते भारतं पुण्यं ब्राह्मणो नियतव्रतः। चतुरो वार्षिकान्मासान्सर्वपापैः प्रमुच्यते ॥
कुरूणां प्रथितं वंशं कीर्तयन्सततं शुचिः। वंशमाप्नोति विपुलं लोके पूज्यतमो भवेत् ॥

જે બ્રાહ્મણ નિયમિત વ્રતપાલન કરતો થકો ચાતુર્માસ્યમાં પવિત્ર ભારતનો પાઠ કરે છે, તે સર્વ પાપથી મુક્ત થાય છે. જે પુરુષ પવિત્ર થઈને કુરુના પ્રસિદ્ધ વંશને નિરંતર વાંચે છે; તેનો વંશ બહોળો વિસ્તાર પામે છે અને લોકોમાં અત્યંત પૂજ્ય થાય છે.

अनागतश्च मोक्षश्च कृष्णद्वैपायनः प्रभुः। संदर्भं भारतस्यास्य कृतवान्धर्मकाम्यया ॥
धर्मे चार्थे च कामे च मोक्षे च भरतर्षभ। यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न कुत्रचित् ॥

દીર્ઘદૃષ્ટિવાળા અને મોક્ષસ્વરૂપ એવા ભગવાન વેદવ્યાસે કેવળ ધર્મનીજ કામનાથી આ મહાભારતની રચના કરી છે. હે ભરતશ્રેષ્ઠ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—આ ચાર પુરુષાર્થોના સંબંધમાં આ મહાભારતમાં જે કંઈ કહ્યું છે, તેજ બીજાં શાસ્ત્રોમાં કહ્યું છે; અને જે આમાં કહ્યું નથી તે બીજે ક્યાંય પણ કહેલું નથી.

× આ માહાત્મ્ય મોટે ભાગે મહાભારતમાંનાજ શ્લોક અને શ્લોકાર્ધો ઉપરથી યોજ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एतत्पवित्रं परममेतद्धर्मनिदर्शनम् । एतत्सर्वगुणोपेतं श्रोतव्यं भूतिमिच्छता ॥
कायिकं वाचिकं चैव मनसा समुपार्जितम् । तत्सर्वं नाशमायाति तमः सूर्योदये यथा ॥

આ મહાભારત પરમ પવિત્ર છે, ધર્મને દર્શાવનારૂં છે અને સર્વ ગુણોથી સંપન્ન છે; માટે કલ્યાણને ઈચ્છનારા માણસે આનું વાંચન-શ્રવણ અવશ્ય કરવું જોઇયે. કેમકે એથી કાયિક, વાચિક તથા માનસિક સર્વ પાપો, સૂર્યોદયથી જેમ અંધકાર નાશ પામે તેમ નાશ પામે છે.

य इदं मानवो लोके पुण्यार्थे ब्राह्मणाञ्छुचीन् । श्रावयेत् महापुण्यं तस्य धर्मः सनातनः॥
महाभारतमाख्यानं क्षितिं गां च सरस्वतीम्। ब्राह्मणान् केशवं चैव कीर्तयन्नावसीदति ॥

જે મનુષ્ય મહાપુણ્યરૂપ આ ઇતિહાસ પુણ્યને માટે પવિત્ર બ્રાહ્મણોને શ્રવણ કરાવશે, તેને સનાતન ધર્મ પ્રાપ્ત થશે. મહાભારતના આખ્યાનનું, પૃથ્વીનું, ગાયનું, સરસ્વતીનું, બ્રહ્મવેત્તાઓનું તથા શ્રીવિષ્ણુ ભગવાનનું કીર્તન કરનારો મનુષ્ય કદી નાશ પામતો નથી.

शृणोति श्रावयेद्वापि सततं चैव यो नरः । सर्वपापविनिर्मुक्तो वैष्णवं पदमाप्नुयात् ॥
पितॄनुद्धरते सर्वानेकादशसमुद्भवान् । आत्मानं ससुतं चैव स्त्रियं च भरतर्षभ ॥

જે પુરુષ નિત્યપ્રતિ મહાભારત સાંભળે છે કિંવા સંભળાવે છે, તે સર્વ પાપથી મુક્ત થઇને વિષ્ણુના પદને પામે છે; એટલુંજ નહિ પણ હે ભરતશ્રેષ્ઠ! તે પુરુષ પોતાની અગિયાર પેઢીના પિતૃઓનો, તથા પુત્ર અને સ્ત્રીસહિત પોતાનો પણ ઉદ્ધાર કરે છે.

यथा समुद्रो भगवान्यथा मेरुर्महान्गिरिः । उभौ ख्यातौ रत्ननिधी तथा भारतमुच्यते ॥
न तां स्वर्गगतिं प्राप्य तुष्टिं प्राप्नोति मानवः । यां श्रुत्वैव महापुण्यमितिहासमुपाश्नुते ॥

જેમ ઐશ્વર્યવાન સમુદ્ર અને મહાપર્વત મેરુ એ બંને રત્નનિધિતરીકે પ્રખ્યાત છે; તેમ આ મહાભારત પણ રત્નોના ભંડારતરીકે પ્રસિદ્ધ છે. મનુષ્યને આ મહાપુણ્યરૂપ ઇતિહાસ વાંચવા-સાંભળવાથી જેવો સંતોષ થાય છે, તેવો સંતોષ સ્વર્ગપ્રાપ્તિથી પણ થતો નથી.

शरीरेण कृतं पापं वाचा च मनसैव च । सर्वं संत्यजति क्षिप्रं य इदं शृणुयान्नरः ॥
भरतानां महज्जन्म शृण्वतामनसूयताम् । नास्ति व्याधिभयं तेषां परलोकभयं कुतः ॥

જે મનુષ્ય આ મહાભારત વાંચે કે સાંભળે છે; તે મન, વાણી અને કાયાવડે કરાયલાં સર્વ પાપોને ઝટ તજી દે છે. જે મનુષ્ય ઈર્ષ્યારહિત થઇને ભરતવંશીઓનાં મહાન ચરિત્ર વાંચે-સાંભળે છે, તેને વ્યાધિનોજ ભય નથી; તો પછી પરલોકનો તો ભયજ ક્યાંથી!

इदं हि वेदैः समितं पवित्रमपि चोत्तमम् । श्राव्यं श्रुतिसुखं चैव पावनं शीलवर्धनम् ॥
य इदं भारतं राजन्वाचकाय प्रयच्छति । तेन सर्वा मही दत्ता भवेत्सागरमेखला ॥

આ મહાભારત વેદતુલ્ય છે; ઉત્તમ છે; પરમ પવિત્ર છે; સાંભળવા યોગ્ય છે; કર્ણ-પ્રિય છે અને શુભ આચરણને વધારનાર છે. માટે હે રાજન્! જે મનુષ્ય આ ભારતનો ગ્રંથ વાંચનારને આપે છે; તેને સમુદ્રપર્યંતની સમગ્ર પૃથ્વી દાન કર્યાનું ફળ મળે છે.

अष्टादश पुराणानि धर्मशास्त्राणि सर्वशः । वेदाः सांगास्तथैकत्र भारतं चैकतः स्थितम् ॥
महत्त्वाद्भारवत्त्वाच्च महाभारतमुच्यते । निरुक्तमस्य यो वेद सर्वपापैः प्रमुच्यते ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક તરફ અઢાર પુરાણો, સર્વ ધર્મશાસ્ત્રો તથા અંગોસહિત વેદો હોય, અને બીજી તરફ એકલું મહાભારત હોય; તોપણ તે તેઓની બરાબરી કરી શકે છે. કેમકે આ ગ્રંથ અત્યંત મહત્ત્વવાળો અને રહસ્યરૂપી અસાધારણ ભાર–વજનવાળો છે તેથી પણ એ 'મહાભારત' કહેવાય છે. જે પુરુષ મહાભારતના તે રહસ્યને જાણે છે, તે સર્વ પાપોથી મુક્ત થાય છે.

जयो नामेतिहासोऽयं श्रोतव्यो मोक्षमिच्छता । ब्राह्मणेन च राज्ञा च गर्भिण्या चैव योषिता ॥
स्वर्गकामो लभेत्स्वर्गं जयकामो लभेज्जयम् । गर्भिणी लभते पुत्रं कन्यां वा बहुभागिनीम् ॥

'જય' નામનો આ ઇતિહાસ, મોક્ષની ઈચ્છા રાખનારે, બ્રાહ્મણે, રાજાએ તથા ગર્ભિણી સ્ત્રીએ તો અવશ્ય સાંભળવો યોગ્ય છે. કેમકે એનું શ્રવણ કરવાથી સ્વર્ગની ઈચ્છાવાળો સ્વર્ગને, જયની ઇચ્છાવાળો જયને અને ગર્ભિણી સ્ત્રી પુત્રને કિંવા મહાભાગ્યશાળી કન્યાને પામે છે.

योगो शतं कनकशृंगमयं ददाति विप्राय वेदविदुषे सुबहुश्रुताय ।
पुण्यां च भारतकथां सततं शृणोति तुल्यं फलं भवति तस्य च तस्य चैव ॥

વેદને જાણનારા એવા બહુશ્રુત બ્રાહ્મણને એક માણસ સુવર્ણનાં શીંગડાંવાળી સો ગાયો આપે, અને બીજો નિત્ય પવિત્ર ભારતકથા વાંચે–સાંભળે, તો તેથી તે બંનેને સમાન ફળ મળે છે.

कार्ष्णं वेदमिमं सर्वं शृणुयाद्यः समाहितः । ब्रह्महत्यादि पापानां कोटिस्तस्य विनश्यति ॥
पुत्राः शुश्रूषवः सन्ति प्रेष्याश्च प्रियकारिणः । भरतानां महज्जन्म महाभारतमुच्यते ॥

વેદવ્યાસે રચેલા આ પાંચમા વેદરૂપ મહાભારતનું જે પુરુષ એકાગ્રચિત્તે શ્રવણ કરે છે, તેનાં બ્રહ્મહત્યાદિ કોટી પાપ નાશ પામે છે. વળી આ ઇતિહાસને સાંભળનારા પુત્રો માતાપિતાની સેવા કરનારા, અને સેવકો સ્વામીનું પ્રિય કરનારા થાય છે. એમાં મહાન ભરતવંશીઓનાં ચરિત્ર વર્ણવ્યાં છે તેથી પણ તે મહાભારત કહેવાય છે.

देवा राजर्षयो ह्यत्र पुण्या ब्रह्मर्षयस्तथा । कीर्त्यन्ते धूतपाप्मानः कीर्त्यते केशवस्तथा ॥
भगवांश्चापि देवेशो यत्र देवी च कीर्त्यते । अनेकजननो यत्र कार्तिकेयस्य संभवः ॥

આ મહાભારતમાં પાપરહિત દેવતાઓ, મહાન રાજર્ષિઓ અને પુણ્યસ્વરૂપ બ્રહ્મર્ષિઓનું વર્ણન કરેલું છે; કેશવનું ચરિત્ર વર્ણવેલું છે; ભગવાન મહાદેવ તથા દેવી પાર્વતીનું વર્ણન કરેલું છે; અને અનેક માતાઓથી જન્મેલા કાર્તિકેયનો પણ જન્મ વર્ણવ્યો છે.

ब्राह्मणानां गवां चैव माहात्म्यं यत्र कीर्त्यते । सर्वं श्रुतिसमूहोऽयं श्रोतव्यो धर्मबुद्धिभिः ॥
मुच्यते सर्वपापेभ्यो राहुणा चन्द्रमा यथा । जयो नामेतिहासोयं श्रोतव्यो विजिगीषुणा ॥

વળી આ ઇતિહાસમાં બ્રાહ્મણો અને ગાયોનું માહાત્મ્ય કહેલું છે; તથા આ મહાભારત સર્વ શ્રુતિઓના સમૂહરૂપ છે, માટે ધર્મબુદ્ધિવાળાઓએ પણ એ અવશ્ય વાંચવું–સાંભળવું જોઇએ. વિજયની ઇચ્છાવાળાએ આ જય નામનો ઇતિહાસ અવશ્ય સાંભળવો જોઇએ. કેમકે એથી તે–જેમ રાહુથી ચંદ્ર મુક્ત થાય તેની પેઠે–સર્વ પાપોથી મુક્ત થાય છે.

अस्मिन्नर्थश्च कामश्च निखिलेनोपदेक्ष्यते । इतिहासे महापुण्ये बुद्धिश्च परिनैष्ठिकी ॥
भारतं शृणुयान्नित्यं भारतं परिकीर्तयेत् । भारतं भवने यस्य तस्य हस्तगतो जयः ॥

આ મહાપુણ્યદાયક ઇતિહાસમાં અર્થ અને કામનો એવો સંપૂર્ણ ઉપદેશ છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેથી તેને વાંચનાર–સાંભળનારની બુદ્ધિ પરમાત્મામાં પણ નિષ્ઠાવાળી થાય છે. માટે સમજુ માણસે તો મહાભારતનું વાંચન–શ્રવણ કિંવા કથા–કીર્તન નિત્યપ્રતિ કરવું જોઇએ. જેને ઘેર મહાભારતનું કથન–શ્રવણ થાય છે, તેને જય પણ હસ્તગતજ છે.

पुण्योयमितिहासाख्यः पवित्रं चेदमुत्तमम् । कृष्णेन मुनिना विप्रा निर्मितं सत्यवादिना ॥
सर्वज्ञेन विधिज्ञेन धर्मज्ञानवता सता । अतींद्रियेण शुचिना तपसा भावितात्मना ॥
ऐश्वर्येवर्तता चैव सांख्ययोगवता तथा । नैकतंत्र विबुद्धेन दृष्ट्वा दिव्येन चक्षुषा ॥
कीर्तिं प्रथयता लोके पांडवानां महात्मनाम् । अन्येषां क्षत्रियाणां च भूरिद्राविणतेजसाम् ॥

હે બ્રાહ્મણ! કૃષ્ણ દ્વૈપાયન વ્યાસમુનિ, કે જે સત્યવાદી, સર્વજ્ઞ, દૈવજ્ઞ, ધર્મજ્ઞ, સત્પુરુષ, ઇંદ્રિયાતીત પદાર્થોને જોનારા, પવિત્ર, તપવડે શુદ્ધ ચિત્તવાળા, ઐશ્વર્યમાં સ્થિતિવાળા, જ્ઞાન-નિષ્ઠ, યોગનિષ્ઠ, અનેક શાસ્ત્રોના ઉત્તમ જ્ઞાતા અને દિવ્ય દૃષ્ટિથી જોઇને મહાત્મા પાંડવો તથા બીજા મહાતેજસ્વી ક્ષત્રિયોની કીર્તિને જગતમાં પ્રસિદ્ધ કરનારા છે; તેમણે આ મહા-ભારત નામનો પુણ્યમય પવિત્ર ઇતિહાસ રચ્યો છે, અને તેથી તે આવો ઉત્તમ થયો છે.

अष्टादशपुराणानां श्रवणाद्यत्फलं भवेत् । तत्फलं समवाप्नोति वैष्णवो नात्र संशयः ॥
स्त्रियश्च पुरुषाश्चैव वैष्णवं पदमाप्नुयुः । स्त्रीभिश्च पुत्रकामाभिः श्रोतव्यं वैष्णवं यशः ॥

અઢારે પુરાણોના શ્રવણથી જે ફળ થાય છે, તેટલુંજ ફળ મહાભારતના શ્રવણથી વૈષ્ણ-વને પ્રાપ્ત થાય છે, એમાં સંશય નથી. સ્ત્રીઓ તેમજ પુરુષો ભારતના શ્રવણથી વૈષ્ણવપણાને પામે છે. પુત્રેચ્છાવાળી સ્ત્રીઓએ તો વિષ્ણુના યશરૂપ મહાભારત અવશ્યશ્રવણ કરવું.

नरेण धर्मकामेन सर्वः श्रोतव्य इत्यपि । निखिलेनेतिहासोऽयं ततः सिद्धिमवाप्नुयात् ॥
शृण्वन्श्राद्धः पुण्यशीलः श्रावयंश्चेदमद्भुतम् । नरः फलमवाप्नोति राजसूयाश्वमेधयोः ॥

ધર્મ ઈત્યાદિની કામનાવાળા પુરુષે તો આ સમગ્ર ઇતિહાસ સાંભળવો જોઈએ. કેમકે તેથી તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય પુણ્યશીલ અને શ્રદ્ધાવાન થઇને આ અદ્‌ભુત ઈતિહાસ શ્રવણ કરે છે અને શ્રવણ કરાવે છે, તે બંને રાજસૂય યજ્ઞ અને અશ્વમેધ યજ્ઞનાં ફળને પ્રાપ્ત થાય છે.

त्रिभिर्वर्षैर्लब्धकामः कृष्णद्वैपायनो मुनिः । नित्योत्थितः शुचिः शक्तो महाभारतमादितः ॥
तपो नियममास्थाय कृतमेतन्महर्षिणा । तस्मान्नियमसंयुक्तैः श्रोतव्यं ब्राह्मणैरिदम् ॥

કૃષ્ણદ્વૈપાયન મુનિ પવિત્રતાથી આ મહાભારતને ત્રણ વર્ષના નિત્ય ઉદ્યોગવડે રચીને પૂર્ણ મનોરથવાળા થયા હતા. મહર્ષિ વ્યાસે આ મહાભારત તપ અને નિયમ ધારણ કરીને રચ્યું હતું; માટે બ્રાહ્મણોએ પણ એને નિયમયુક્ત થઈને વાંચવું–સાંભળવું જોઇએ.

महीं विजयते राजा शत्रूंश्चापि पराजयेत् । इदं पुंसवनं श्रेष्ठमिदं स्वस्त्ययनं महत् ॥
महिषीयुवराजाभ्यां श्रोतव्यं बहुशस्तथा । वीरं जनयते पुत्रं कन्यां वा राज्यभागिनीम् ॥

આ ઇતિહાસ શ્રવણ કરવાથી રાજા પૃથ્વીનો વિજય કરે છે અને શત્રુઓનો પરાજય કરે છે. વળી એથી શ્રેષ્ઠ પુત્રની પ્રાપ્તિ થાય છે અને મહાન કલ્યાણ થાય છે. આ ઈતિહાસ રાજ-મહિષીએ યુવરાજસહિત વારંવાર સાંભળવો જોઇએ; કારણ કે તેથી તેને પેટે વીરપુત્ર જન્મે છે, અને કન્યા જન્મે તો તે રાજાની રાણી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यश्चेदं श्रावयेद्विद्वान्सदा पर्वणि पर्वणि । धूतपाप्मा जितस्वर्गो ब्रह्मभूयाय कल्पते ॥
यश्चेदं श्रावयेच्छ्राद्धे ब्राह्मणान्पादमंततः । अक्षय्यमन्नपानं वै पितॄंस्तस्योपतिष्ठते ॥

જે વિદ્વાન પુરુષ હમેશાં પ્રત્યેક પર્વના દિવસે આનું શ્રવણ કરાવે છે, તે પાપરહિત અને સ્વર્ગને જીતનારો થઈને બ્રહ્મદશાને પ્રાપ્ત થાય છે. જે પુરુષ શ્રાદ્ધપ્રસંગે બ્રહ્મવેત્તાઓના ચરણ સમીપમાં આ સંવાદનું શ્રવણ કરાવે છે, તેના પિતૃઓ પણ અખૂટ અન્ન-પાન પામે છે.

इतिहासमिमं पुण्यं महार्थं वेदसंमितम् । व्यासोक्तं श्रूयते येन कृत्वा ब्राह्मणमग्रतः ॥
स नरः सर्वकामांश्च कीर्तिं प्राप्येह शौनक । गच्छेत्परमिकां सिद्धिमत्र मे नास्ति संशयः ॥

હે શૌનક ! જે મનુષ્ય વ્યાસે કહેલા, મહાન અર્થવાળા અને વેદતુલ્ય આ પવિત્ર ઇતિહાસનું શ્રેષ્ઠ બ્રાહ્મણ (બ્રહ્મવેત્તા) પાસેથી શ્રવણ કરે છે; તે આ લોકમાં સર્વ કામનાઓને તથા કીર્તિને મેળવી અંતે ઉત્તમ સિદ્ધિને પામે છે, એમાં મને કંઇ પણ સંશય નથી.

श्रावयेत् ब्राह्मणाञ्श्राद्धे यश्चैनं पादमन्ततः । अक्षय्यं तस्य तच्छ्राद्धमुपावर्तेत्पितॄनिह ॥
भारतं परमं पुण्यं भारते विविधाः कथाः । भारतं सेव्यते देवैर्भारतं परमं पदम् ॥

જે કોઇ શ્રાદ્ધના અંતમાં ભારતનું એક પાદ પણ બ્રાહ્મણોને સંભળાવે, તેનું શ્રાદ્ધ તેના પિતૃઓને અક્ષય થઈને પ્રાપ્ત થાય છે. મહાભારત પરમ પુણ્યદાયક છે; કેમકે તેમાં વિવિધ પ્રકારની કથાઓ છે. વળી દેવતાઓ પણ મહાભારતનું સેવન કરે છે; કેમકે તે પરમપદને આપનાર છે.

भारतं सर्वशास्त्राणामुत्तमं भरतर्षभ । भारतात्प्राप्यते मोक्षस्तत्त्वमेतद्ब्रवीमि तत् ॥
एवमेतन्महाराज नात्र कार्या विचारणा । श्रद्दधानेन वैभाव्यमेवमाह गुरुर्मम ॥

હે ભરતશ્રેષ્ઠ ! હું તને સત્ય કહું છું કે, સર્વ શાસ્ત્રોમાં મહાભારત ઉત્તમ છે અને તેના શ્રવણમનનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. હે મહારાજ ! આ પ્રમાણે મેં જે કહ્યું, તે તેમજ છે. એમાં કંઇ વિચાર કરવા જેવું નથી. મારા ગુરુએ પણ મને એમજ કહ્યું છે કે, મનુષ્યે મહાભારત ઉપર અવશ્ય શ્રદ્ધાળુ થવું.

वेदे रामायणे पुण्ये भारते भरतर्षभ । आदौ चांते च मध्ये च हरिः सर्वत्र गीयते ॥

હે ભરતશ્રેષ્ઠ ! વેદ, રામાયણ અને પવિત્ર મહાભારત, એ સર્વમાં આદિ, મધ્ય તથા અંતમાં શ્રીહરિનું જ કીર્તન કરવામાં આવ્યું છે.

भारतश्रवणे राजन् पारणे च नृपोत्तम । सदा यत्नवता भाव्यं श्रेयस्तु परिमिच्छता ॥
आकर्ण्य भक्त्या सततं जयाख्यं भारतं महत् । श्रीश्चकीर्तिस्तथा विद्या भवंति सहिताः सदा ॥

હે ઉત્તમ રાજા ! ઉત્તમ કલ્યાણને ઇચ્છનારા પ્રત્યેક પુરુષે ભારતનું શ્રવણ કરવામાં તથા તેનું પારાયણ કરવામાં નિત્ય યત્નશીલ રહેવું. (કેમકે) 'જય' નામના આ મહાભારતનું જે ભક્તિપૂર્વક નિત્ય શ્રવણ કરે છે, તેને સદા વિદ્યાસહિત લક્ષ્મી અને કીર્તિ પ્રાપ્ત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीपरमेश्वरस्तोत्रम् ।

जगदीश ! सुधीश ! भवेश ! विभो ! परमेश ! परात्पर पूत ! पितः !॥
प्रणतं पतितं हततत्त्वजनं जनतारण तारय तापितकम् ॥१॥
गुणहीनसुदीनमलीनमतिं त्वयि पातरि दातरि चापरतिम् ॥
तमसा रजसावृतवृत्तमिमं ॥ जन० ॥२॥ मम जीवनमीनमिमं
पतितं मरुघोरभुवीह सुवीहमहो ॥ करुणाब्धिचलोर्म्मिजलानयनं
॥ जन० ॥३॥ भववारण ! कारण कर्म्मततौ भवसिंधुजले शिव
मग्नमतः ॥ करुणाञ्च समर्प्य तरिं त्वरितं ॥ जन० ॥४॥ अतिनाश्य
जनुर्मम पुण्यरुचे ! दुरितौघभरैः परिपूर्णभुवः ॥ सुजघन्यमगण्य-
मपुण्यरुचिं ॥ जन० ॥५॥ भवकारक ! तारकहारक हे भवता-
रक पातकदारक हे ॥ हर शङ्कर किंकरकर्म्मचयं ॥ जन० ॥६॥
तृषितश्चितमस्मि सुधां हितमेऽच्युत ! चिन्मय ! देहि वदान्यवर ॥
अतिमोहवशेन विनष्टकृतं ॥ जनतारण तारय तापितकम् ॥७॥
प्रणमामि नमामि नमामि जनं भवजन्मकृतिप्रणिसूदनकम् ॥
गुणहीनमनन्तमितं शरणं जनतारण तारय तापितकम् ॥८॥

श्रीस्तवपंचकस्तोत्रम् ।

नमस्ते सते सर्वलोकाश्रयाय नमस्ते चिते विश्वरूपात्मकाय ॥
नमोऽद्वैततत्त्वाय मुक्तिप्रदाय नमो ब्रह्मणे व्यापिने निर्गुणाय ॥१॥
त्वमेकं शरण्यं त्वमेकं वरेण्यं त्वमेकं जगत्कारणम् विश्वरूपम् ॥
त्वमेकं जगत्कर्त्तृपातृप्रहर्त्तृ त्वमेकं परं निश्चलं निर्विकल्पम् ॥२॥
भयानां भयं भीषणं भीषणानां गतिः प्राणिनां पावनं पावनानाम्॥
महोच्चैःपदानां नियन्तृ त्वमेकं परेषां परं रक्षणं रक्षणानाम् ॥३॥
परेश ! प्रभो ! सर्वरूपाविनाशिन्ननिर्देश्य सर्वेन्द्रियागम्य सत्य ॥
अचिन्त्याक्षर! व्यापकाव्यक्ततत्त्वाजपाभासकाधीश! पायादपायात्
त्वदेकं स्मरामस्त्वदेकं भजामस्त्वदेकं जगत्साक्षिरूपं नमामः ॥
सदेकं विधानं निरालम्बमीशं भवाम्भोधिपोतं शरण्यं व्रजामः॥५॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परमेश्वरस्तोत्रनो अर्थ

હે પ્રભો ! હે જગદીશ ! હે જ્ઞાનીઓના પણ ઈશ ! હે સંસારના સ્વામી ! હે સર્વવ્યાપક ! હે પરમેશ્વર ! હે પરાત્પર ! (પરથી પણ પર !) હે પવિત્ર ! હે પિતા ! હું પતિત (પાપી) અને તત્વજ્ઞાનથી રહિત આપને પ્રણામ કરૂં છું. હે જનતારણ ! (મનુષ્યોને તારનાર !) મને તાપમાં તપી રહેલાને તારો. (૧) હું ગુણહીન, ઘણોજ દીન તથા મલિન મતિવાળો છું. આપ દાતાર અને પાલનકર્તા છો, છતાં પણ મારી મતિ આપનામાં આસક્ત રહેતી નથી. મારી વૃત્તિઓ હમેશાં તમોગુણ તથા રજોગુણથી ઘેરાયેલી રહે છે, માટે હે જગતને તારનાર પ્રભુ ! મારૂં બહુ તપી રહેલાનું રક્ષણ કરો. (૨) અહો ! મારૂં જીવન આ સંસારરૂપી મહાઘોર મરુભૂમિમાં માછલાંની પેઠે દુઃખી થઈ પડેલું છે. આપ આપના કરુણારૂપી સમુદ્રની લહરિવડે તેનાપર જળસિંચન કરી હે જનતારણ ! મને તપી રહેલાને તારો. (૩) હે ભવતારણ ! (સંસારમાં ડૂબવા ન દેનાર !) આપજ આ જગતરૂપી કર્મવિસ્તારના કારણરૂપ છો. હે કલ્યાણરૂપ ! ભવસાગરના જળમાં ડૂબી રહેલા એવા મારા દુઃખી જીવને નાવ આપી મારો એમાંથી ઉદ્ધાર કરો. (૪) હે જનતારણ ! હે પવિત્ર બુદ્ધિવાળા ! મારો ફરીથી જન્મ ન થાય એમ કરી પાપોના પ્રવાહરૂપી ભારથી પરિપૂર્ણ થયેલી આ પૃથ્વીમાંથી અતિ અધમ, નજીવા, પાપબુદ્ધિવાળા અને તપી રહેલા એવા મારા જીવનો ઉદ્ધાર કરો. (૫) હે સંસારના કર્તા ! હે તારક ! હે નરકનાં દુઃખોનો નાશ કરનારા ! હે સંસારમાંથી તારનારા ! હે પાપોનો નાશ કરનારા ! હે કલ્યાણ કરનારા ! હે જનતારણ ! તપી રહેલા આ દાસના સર્વ કર્મોના સમૂહનો નાશ કરી ઉદ્ધાર કરો. (૬) હે અચ્યુત ! હે ચિન્મય ! હે વર દેનારાઓમાં શ્રેષ્ઠ ! હું તૃષ્ણાતુર થયેલો છું, માટે મને જ્ઞાનરૂપી અમૃત આપો; અત્યંત મોહને વશ થઇને મેં મારા સર્વ કર્તવ્ય કર્મનો નાશ કરેલો છે; માટે મને તપી ગયેલાને તારો. (૭) હે જનતારણ ! હું આપને પ્રણામ કરૂં છું, હું આપને નમસ્કાર કરૂં છું, નમસ્કાર કરૂંછું; આપ સંસારના જન્મ તથા કર્મોનો નાશ કરનાર, નિર્ગુણ અને અનંત છો. હું અત્યંત સંતાપિત થઇને આપને શરણે આવેલો છું, માટે આપ મને તારો (૮).

श्रीस्तवपंचकस्तोत्रनो अर्थ

સત્યસ્વરૂપ અને સર્વે લોકોના આશ્રયભૂત હે પ્રભો ! આપને નમસ્કાર હો. જ્ઞાનસ્વરૂપ અને વિશ્વના આત્મારૂપ આપને નમસ્કાર હો. અદ્વૈતતત્વસ્વરૂપ અને મોક્ષ આપનાર એવા આપને હું નમસ્કાર કરૂં છું, સર્વવ્યાપક અને નિર્ગુણ બ્રહ્મરૂપ આપને નમસ્કાર કરૂં છું. (૧) હે પરમાત્મન્ ! તમેજ સર્વના આધારરૂપ છો, તમેજ સર્વથી શ્રેષ્ઠ છો, તમેજ જગતનું કારણ અને વિશ્વરૂપ છો. આ જગતના ઉત્પન્ન કરનાર, પાલન કરનાર અને સંહાર કરનાર તમેજ છો; તથા તમેજ સર્વથી પર, નિશ્ચળ અને નિર્વિકલ્પ છો. (૨) હે પ્રભો ! આપ સર્વ ભયના પણ ભયરૂપ અને ભીષણના પણ ભીષણરૂપ છો. આપ પ્રાણીમાત્રના ગતિસ્વરૂપ અને પવિત્રને પણ અધિક પવિત્ર કરનાર છો. આપજ સર્વોત્તમ પદના નિયંતા, પરથી પણ પર અને રક્ષકોના પણ રક્ષક છો. (૩) હે પરમેશ્વર ! હે પ્રભો ! આપ સર્વ રૂપોમાં અવિનાશીરૂપ, વર્ણવી શકાય નહિ એવા, સર્વ ઇંદ્રિયોથી જાણી શકાઓ નહિ એવા અને સત્યસ્વરૂપ છો. આપ ચિંતવી શકાઓ નહિ એવા અક્ષર, સર્વવ્યાપક, અવ્યક્ત તત્વરૂપ અને અજપા મંત્રનો ભાસ કરાવનાર છો. આપ સંકટમાંથી મારૂં રક્ષણ કરો. (૪) હું એક આપનુંજ સ્મરણ અને આપનુંજ ભજન કરૂં છું અને હે જગતના સાક્ષીરૂપ ! આપનેજ નમસ્કાર કરૂં છું. આપજ સત્સ્વરૂપ, આશ્રયસ્વરૂપ, અવલંબનરહિત, ઈશ્વર અને સંસારસાગરમાંથી તરવાને આશ્રય કરવા યોગ્ય નૌકાસ્વરૂપ હોવાથી હું આપનેજ શરણ થયો છું. (૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत। अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्। धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

कृपासिंधो! श्रीकृष्ण मुरारे! दुष्टदलन धरे देह दुलारे; जगतगुरो! जुगजुग बहुनामी, ज्ञान-चरित अवतार नमामि।
ज्ञान-गीता तव बंसी अनेरी, हमरे चित्त बसहु कही तेरी; औगुन पाप कुमति हर लीजे, तव गुन कृपा सबहीं दे दीजे॥
जय श्रीकृष्ण! जय श्रीराम! अधम उद्धारक पुरणकाम; ईश्वर, अल्ला, तेरे नाम, सबको सन्मति दे भगवान॥

(मुद्रक और प्रकाशक:-सस्तुं साहित्य वर्धक कार्यालय, भद्रकेपास-अहमदाबाद और बंबई-२)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पराक्रमनी मूर्ति अर्जुन अने परम योगेश्वर श्रीकृष्ण

વડીલો અને બંધુઓ વગેરેને યુદ્ધસ્થળમાં ઉભેલા જોઇ અર્જુનને એટલી બધી લાગણી થઈ આવી કે તે હથિયાર નીચે મૂકી દઇને બેસી ગયો અને શ્રીકૃષ્ણપ્રત્યે કહ્યું કે, હે પ્રભો ! અત્યારે મારો ક્ષાત્રસ્વભાવ દબાઈ ગયો છે, માટે મારૂં જેમાં શ્રેય હોય તે મને કહો. હું આપનો શિષ્ય છું, આપને શરણ છું, મને માર્ગ બતાવો. ત્યારે ભગવાને કહ્યું કે, હે પાર્થ! યદૃચ્છાથી પ્રાપ્ત થયેલું આ ધર્મયુદ્ધ તારે માટે સ્વર્ગના ખુલ્લા દરવાજા જેવું છે. આવું યુદ્ધ ભાગ્યશાળીનેજ પ્રાપ્ત થાય છે. જો એમાં હણાઈશ તો સ્વર્ગને પામીશ, અને જીતીશ તો પૃથ્વીને ભોગવીશ. માટે હે ભારત! યુદ્ધમાટે ખડો થઈ જા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



विघ्नविनाशक भगवान श्रीगणेश पासे महर्षि व्यास महाभारत लखावी रह्या छे.

ગણેશે પ્રથમથી કહેલું કે, "લખવામાં મારી કલમ ક્ષણમાત્ર પણ અટકવી જોઇએ નહિ" ત્યારે વ્યાસે પણ કહેલું કે "તમારે પણ મારા કહેવાનો અર્થ સમજ્યા વગર કોઇ શબ્દ લખવો નહિ" અર્થાત્ 'હરિમટ વડોદરા' પેઠે વગર સમજ્યે શ્રમ કરવો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રાજર્ષિ જન્મેજયે સર્પસત્રમાટે દીક્ષા લીધેલી સાંભળીને શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ શિષ્યોસહિત યજ્ઞસભામાં પધાર્યા. રાજર્ષિ મંડળસહિત સામા જઈ તેડી લાવ્યા; સુવર્ણાસને પધરાવ્યા; અર્ઘ્યપૂજાદિ કર્યાં અને પાસે બેસી ક્ષેમકુશળ પૂછ્યું. પછી સર્વથી પૂજાયલા એવા શ્રીવ્યાસ ભગવાને સભાસદોની સામી પૂજા કરી. (અનેક વંદન હો એ સર્વપૂજ્ય પરમ વૃદ્ધ મહર્ષિના નિરભિમાન ને વાત્સલ્યભાવને! પ્રાપ્ત થાઓ અમો આધુનિક માનવોને પૂર્વજોની એવી એવી આદર્શભૂત સંપત્તિઓ !) પછી જન્મેજયે પોતાના પ્રપિતામહ મહર્ષિ વ્યાસપ્રત્યે હાથ જોડીને પોતાના પૂર્વજોના યુદ્ધનાં કારણ ઈ૦ કહેવા પ્રાર્થના કરી. વ્યાસની સ્વશિષ્ય વૈશંપાયનને આજ્ઞા થતાં તેઓ ગુરુ, દ્વિજો અને અન્ય વિદ્વાનોને નમસ્કાર કરી મહાભારતનો ઈતિહાસ કહેવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

सिंहणने पण हठावी देनारो निडर आर्य बाळक "भरत"

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રમમાં તેમજ આસપાસનાં જંગલોમાં જઈને આ એવી ખેલકૂદ અને તોફાન મચાવ્યા કરતો કે જેથી માણસો તથા પશુ પણ હેરાન હેરાન થઈ જતાં. આથી એને 'સર્વદમન' પણ કહેતા. એક દિવસ પર્વતની 'ખો'માં સિંહનું બચ્ચું રમતું જોઇ તેને પણ રમકડા પેરે બગલમાં લઈ ચાલવા માંડ્યું! સિંહણ આવું જોતાંજ ગાજી ઉઠી; પણ બહાદૂર દુષ્યંતના–નિડર બચ્ચા ભરતે એવી તો આંખો દેખાડી કે સિંહણ ભાગીજ ગઇ!!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



દેવવ્રતની ભીષ્મ પ્રતિજ્ઞાઃ–"પિતાના પછી તેમનું રાજ્ય મારે લેવું નહિં પણ સત્યવતીના ભાવી પુત્રને આપવું; તથા મારે છેવટ સુધી અખંડ બ્રહ્મચર્ય પાળવું." પછી સત્યવતીના બેઉ પુત્ર ગુજરી જતાં તેણે દેવવ્રતને રાજા બનવાનો અને પરણવાનો આગ્રહ કર્યો. ત્યારે પણ પ્રબળ સત્યપ્રેમી અને મહાન સ્વાર્થત્યાગી દેવવ્રતે જરાય ન ડગતાં કહ્યું કેઃ–આ તો શું પણ ઇંદ્રનું, ત્રણે લોકનું કે એથી પણ મોટું રાજ્ય હોય; તો તેને પણ સત્યને ખાતર તજી દઉં; પણ સત્યને તજું નહિ. આથીજ તે "ભીષ્મ" કહેવાયા. ॥ રઘુકુલ રીતિ સદા ચલી આઈ । પ્રાણ જાહિં વરૂ વચન ન જાઇ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગલીદંડો રમતાં ધૃતરાષ્ટ્ર અને પાંડુના કુમારોની મોઈ કૂવામાં જઈ પડી. તેઓ મુંઝાવા લાગ્યા. એવામાં એક અજાણ્યા બ્રાહ્મણ(દ્રોણ)ને આવતા જોઈ સર્વ કુમારો તેમની આસપાસ વિંટાઈ વળ્યા. દ્રોણે હકીકત જાણતાં કહ્યું કે—ધિક્કાર છે તમારા ક્ષત્રિયપણાને અને વિદ્યાભ્યાસને કે તમે ભરતવંશમાં જન્મવા છતાં મોઈ જેવી તુચ્છ વસ્તુ પણ કાઢી શકતા નથી! લો હું દર્ભની જ શળીઓવડે કાઢી આપું; તમે મને ભોજન આપજો. પછી દ્રોણે તે તરતજ કાઢી આપી. કુમારોએ રાજીરાજી થઈ જઈ અને તેમનું નામ તથા બીજી શું શું સેવા કરીએ ? તે પૂછ્યું. દ્રોણે કહ્યું કે સર્વ વાત ભીષ્મને કહેજો. તે તરતજ મને ઓળખશે. પછી કુમારોએ જઇ પિતામહને કહેતાં તેમણે દ્રોણને તેડાવ્યા. પંડે સત્કાર કરી ઉપકાર માન્યો અને કુમારશાળામાટે આચાર્ય નીમ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ભીષ્મ, ધૃતરાષ્ટ્ર અને સભાસદો વગેરે સમક્ષ દ્રોણાચાર્ય વિદ્યાર્થીઓની ધનુર્વિદ્યા તપાસી રહ્યા છે. ઘણાખરાઓને પૂછપરછમાંજ એકાગ્રતા-રહિત જોઇને નાપાસ કર્યા અને અર્જુન એકાગ્રતાવાળો જણાતાં તેનેજ બાણ છોડવા આજ્ઞા કરી. તે લક્ષ વિંધવામાં સફળ પણ થયો. જે એકનિષ્ઠ થવાને બદલે અનેક બાબતો પાછળ મનોબળ વેરી નાખી "સબ બંદરકા વેપારી" બનવા જાય; તે માનવ કોઇપણ કામમાં પૂરો ફતેહમંદ થઇ શકતો નથી. કહેવત છે કે "લાખ બુદ્ધિ લડબડી, ને ક્રોડ બુદ્ધિ કરબડી; (પણ) એક બુદ્ધિ બાપડી કે સામે મોઢે તાપડી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુષ્ટ દુઃશાસન ભરીસભામાં દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચી રહ્યો છેઃ-પાંડવો તો જાણે સર્વસ્વ હારી બેઠા, તેથી સહાય નથી કરી શકતા; પરંતુ સભામાં ગુરુ, આચાર્ય, પિતામહ ઈ૦ વૃદ્ધો અને અનેક રાજાઓ હતા તેઓ પણ અર્થદાસજ નીકળ્યા ! જો એમ ન હોત તો દ્રૌપદીનું પથ્થરને પીગળાવે એવું રુદન અને કષ્ટ સગી નજરે જોવા છતાં તેઓ ચાલવાજ કેમ દે ! છેવટે મહાસતી દ્રૌપદીએ બે હાથ જોડીને દયાસિંધુ શ્રીહરિનુંજ શરણ લઇ સહાય માગી કેઃ–"દુઃખ હરો દ્વારિકાનાથ શરણ મેં તેરી..." અનાથોના નાથ શ્રીહરિ આ કળિકાળમાં પણ શ્રદ્ધાભક્તિસંપન્ન ભક્તજનની ઉંડા હૃદયની પ્રાર્થના વૃથા જવા દે નહિ, તો પછી આ તો પરમભક્ત દ્રૌપદીનો પોકાર ! નિરાધારનો આધાર તરતજ વ્હારે ધાયો, અને દુઃશાસન જેવો મહાબળવાન પણ ખેંચી ખેંચીને થાકી ગયો ત્યાંસુધી ઉપરાઉપરી વસ્ત્ર પૂર્યા કર્યાં ! પાશ્ચાત્યોના સ્વાર્થશિક્ષણમાં ડુબીને ઋષિમુનિઓનું શિક્ષણ વિસરી જનારાઓ તો આવી બાબતોને બસ ગપસપજ ગણી કાઢવાના. હા, મેસ્મેરીઝમની માનસવિદ્યા કદાચ તેમને સાચી લાગે; પરંતુ યોગેશ્વર શ્રીકૃષ્ણ અને મહાસતી દ્રૌપદીનાં યોગસામર્થ્ય જાણવા-સમજવાનું તો [illegible] પૃષ્ઠપર છપાયેલી પ્રાર્થના તો ઋષિમુનિઓમાં શ્રદ્ધાળુ હોય અથવા આર્યોના સૂક્ષ્માતિસૂક્ષ્મ પદાર્થશાસ્ત્રના જ્ઞાતા હોય તેમનેજ માટે છે ભાઈ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्रौपदीकी प्रभुप्रार्थना

विनकाज आज महाराज लाज गई मेरी। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी॥
दुःशासन वंशकुठार महादुःखदाई। कर पकरत मेरा चीर लाज नहीं आई॥
अब भयो धर्मको नाश पाप रह्यो छाई। लखी अधम सभाकी ओर नारी विलखाई॥
शकुनि दुर्योधन करन खडे खल घेरी। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी १
तुम दीननकी सुधि लेत देवकीनंदन। महिमा अनंत भगवंत भक्त-दुःख-भंजन॥
तुम किया सिया दुःख दूर शंभुधनुखंडन। हे तारण मदनगोपाल मुनिनमनरंजन॥
करुणानिधान भगवान करी क्यों देरी। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी २
बैठा जहां राजसमाज नीति सब खोई। नहि कहत धर्मकी बात सभामें कोई॥
पांचौ पति बैठे मौन कौन गति होई। लै नंदनंदन को नाम द्रौपदी रोई॥
करि करि विलाप संताप सभामें टेरी। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी ३
तुम सुनि गजेंद्रकी टेर विश्वअघनाशी। ग्रह मारी छुडायो बंध काटी पगफांसी॥
मैं धरौं तुम्हारो ध्यान द्वारिकावासी। अब काहे राजसमाज करावत हांसी॥
अब कृपा करौ यदुनाथ जानि चित चेरि। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी ४
तुम पति राखी प्रल्हाद दीनदुख टारो। भये खंभ फारी नरसिंह असुर संहारो॥
व्रज खेलत केशी आदि बकासुर मारो। मथुरा मुष्टिक चाणूरकंसमद गारो॥
तुम मातपिताकी जाय छुडाई वेरी। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी ५
ले भक्तनहित अवतार कन्हाई तुमने। यमलार्जुनकी जड योनि छुडाइ तुमने॥
जल बरसत प्रभुता अगम दिखाई तुमने। नखपर गिरि धरि व्रज लीयो उगारी तुमने॥
प्रभु अब विलंब क्यों करी हमारी बेरी। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी ६
सुनि दीनबंधु भगवान भक्तहितकारी। भये चीररूपमें प्रगट हरो दुख भारि॥
खैंचत हारो मतिमंद वीर बलकारी। रख लई दीनकी लाज आप बनवारी॥
बरसत हरसत सुर सुमन बजावत भेरि। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी ७
क्या करी द्वारिकानाथ मनोहर माया। अंबरका लगा पहाड पार नहीं पाया॥
तिहूं लोक चहुंदिशि भुवन चीर दरशाया। वंदत गणेशपरसाद कृष्णगुण गाया॥
दीननकी दीनानाथ विपति निरबेरि। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी ८

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कैलासपति झीलवा तत्पर थतां गंगाजी भूमिपर पधारे छे.

પ્રખર તપથી મહાદેવને પ્રસન્ન કરનારા ભગીરથ ગંગાજીનું ભક્તિભાવે દર્શન કરતા ઉભા છે;
બીજી તરફ સિંહવાહિની પાર્વતીજી પણ પોઠીઆને ટેકવી સાનંદાશ્ચર્યથી ભાળી રહ્યાં છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

રાજા નળનું દમયંતીને છોડી જવું:—પુણ્યશ્લોક રાજા નળ જુગટામાં સર્વસ્વ હારી જવાથી તેમની સાથે મહાસતી દમયંતી પણ એકજ વસ્ત્રભેર ચાલી નીકળ્યાં. તેમને જીતનારા પુષ્કરની મનાઈને લીધે પ્રજાવર્ગમાંથી પણ મૂઠી અન્ન જેટલો પણ કોઈએ સત્કાર કર્યો નહિ. આથી બંને જણ અનેક દિવસોસુધી નિરાહાર રહ્યાં. એક સ્થળે પક્ષીઓ જણાતાં તેમને પકડવામાટે નળે પોતે નગ્ન થઈને વસ્ત્ર ફેંક્યું તે પણ લઈને પક્ષી ઉડી ગયાં! આથી હવે બંને એકજ વસ્ત્રમાં વિંટાઈને સાથે સાથે ફરવા લાગ્યાં. આવા મહાસંકટને લીધે નળરાજાએ દમયંતીને પિયરતરફ જવાનું સૂચવ્યું; પરંતુ દુઃખથી દુર્બળ થયેલી દમયંતીએ અશ્રુસાથે ગળગળી વાણીએ કહ્યું કે:—"તમે ધન, રાજ્ય ને અન્ન-વસ્ત્રથી પણ રહિત છો; વળી ભૂખ્યા અને થાકેલા છો. એવી સ્થિતિમાં તનમનથી સેવા કરી શાંતિ આપવાને બદલે આપને આ નિર્જન વનમાં ત્યજું કેવી રીતે?" પછી એક વસ્ત્રથી ઢંકાયેલાં તે દંપતી ફરતાં ફરતાં ભૂખ અને થાકને લીધે એક ધર્મશાળા પાસે જઈ જમીનપર સૂતાં. દમયંતી ઉંઘી ગઈ, પણ નળ રાજાને ઉંઘ આવી નહિ. તેમણે વિચાર્યું કે—"દુઃખમાં ભાર્યા જેવું ઔષધ નથી; પરંતુ મારેજ લીધે આ બિચારી નિર્દોષ અને સુકોમળ દમયંતી દુઃખ વેઠ્યા કરે, એ પણ કેમ જોયું જાય! વળી તેને તજવાથી તે સગાં પાસે પણ જવા સંભવ હોવા સાથે તેના પ્રખર ધર્મ-તેજને લીધે તેને કોઈ દુઃખ પણ દઈ શકશે નહિ, માટે તેને તજવામાંજ મારૂં ને તેનું શ્રેય છે." પછી નળે દમયંતી જાગે નહિ તેમ અર્ધું વસ્ત્ર ફાડ્યું; ઘણુંજ રોયા; સતીનું રક્ષણ કરવા દેવોને પ્રાર્થના કરી; અને પછી અત્યંત દુઃખી હૃદયે ત્યાંથી ચાલી નીકળ્યા. એ પછી પ્રારબ્ધ પ્રમાણે જે જે વીત્યું તે બંનેએ કેવી સાત્વિક ધીરજથી સહન કર્યું, તે પણ આગળ વાંચવાથી જણાશે; અને સજ્જનોનું હૃદય તેઓપ્રત્યે ઢળી પડીને કહેશે કે:—"અનેકાનેક વંદન હો આપ મહાસતી દમયંતીને અને પુણ્યશ્લોક નળરાજાને!"

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા શિબિ મહર્ષિઓનાં દર્શને જાય છે અને રાજા સહોત્ર દર્શન કરીને પાછા આવે છે. બન્નેના રથ રસ્તામાં સામા મળ્યા. બંનેએ એક બીજાને ભેટી વયના પ્રમાણમાં માન આપ્યું; પરંતુ દરજ્જામાં સરખા હોવાથી, એક બીજાને માર્ગ આપતા નથી ! એવામાં પુણ્યયોગે દેવર્ષિ નારદ ભગવદ્ગુણ ગાતા ગાતા ત્યાં આવી ચડયા ! તેમણે આમ કરવાનું કારણ પૂછતાં બંનેએ કહ્યું કે, ધર્મશાસ્ત્રે કહ્યું છે કે પોતાનાથી શ્રેષ્ઠ અથવા બળવાનને માર્ગ આપવો;પરંતુ અમો બન્ને રહ્યા સમાન, એટલે માર્ગ કેમ આપીએ? આ સાંભળી નારદે કહ્યું કે સત્પુરૂષ તો ખળપ્રત્યે પણ સાધુતા દર્શાવે, તો પછી સત્પુરૂષ પ્રત્યે શામાટે ન દર્શાવે ? માટે તમારામાં જે ઉદાર વધુ હશે તે તરતજ માર્ગ આપશે. રાજા સહોત્રે આ સાંભળતાંજ રાજા શિબિને પ્રદક્ષિણા કરી માર્ગ આપ્યો, અને તેનાં ગુણ–ચારિત્રોનાં વખાણ કરી ચાલ્યો ગયો. અનેકાનેક પ્રણામ હો આવા જ્ઞાનચરિત્રસંપન્ન મહાનુભાવોને અને મહર્ષિઓના પણ ગુરુ તથા દેવોના પણ દેવ એવા દેવર્ષિ નારદમુનિને તથા તેમનાં તળસ્પર્શી બુદ્ધિભવાનીને ! હે સદા સર્વવ્યાપી દેવાધિદેવ ! દયા કરો અમો દુર્ગતિમાં ડૂબેલાં ભારતસંતાનો ઉપર, કે જેથી અમારાં દુઃખ દૌર્બલ્ય, મિથ્યાભિમાન અને ક્લેશકુસંપાદિ દૂર થાય !

(સ. સા. પ્રેસ–અમદાવાદ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એકવાર શિબિરાજાની પરીક્ષામાટે અગ્નિદેવે હોલાનું રૂપ લીધું અને દેવપતિ ઇન્દ્ર, શકરા–બાજનું રૂપ લઈ તેની પાછળ પડયો. હોલાએ પોતાના રક્ષણમાટે શિબિરાજાના ખોળામાં આશ્રય લીધો; પણ શકરાએ પોતાનો શિકાર સોંપી દેવા માગણી કરી. રાજાએ તે શરણાંગતને નહિ સોંપતાં તેના બદલામાં બીજું માંસ આપવા કહ્યું; ત્યારે શકરાએ કહ્યું કે એમજ હોય તો તમારૂં પોતાનુંજ માંસ તેની બરાબર તોળી આપો! રાજાએ તુરતજ પોતાનું માંસ કાપી કાપીને કાંટે નાખવા માંડયું; પરંતુ તાજવું નમેજ શાનું! રાજા શિબિ પણ એવો ઉદાર અને એકવચની નીકળ્યો કે, **'प्राण जाहि पर वचन न जाहि!'** બસ એ તો પોતેજ આખો ને આખો ત્રાજવામાં જઇ બેઠો!! આ જોઇ બન્ને દેવતાઓ ખુશ ખુશ થઇ ગયા; અને પોતાના મૂળસ્વરૂપે દર્શન દઇ આશીર્વાદ આપ્યો કે, રૂડે પ્રકારે પ્રજાપાલન કરો, તેજસ્વી અને શૂરવીર પુત્ર થાઓ અને દેવતાઓમાં પણ યશગૌરવ પામો!

(સ. સા. પ્રેસ–અમદાવાદ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મહાતપસ્વી મુદ્‌ગલનું મહર્ષિ દુર્વાસા જેવાની આકરી પરીક્ષામાં પણ પાસ થવું:–મહાત્મા મુદ્‌ગલ પૂરા જિતેન્દ્રિય, સત્યવાદી, દયાળુ, ઉદાર, સહનશીલ અને ધર્માત્મા હતા. પોતાનાં સ્ત્રી તેમજ બાળક સાથે તેઓ કુરુક્ષેત્રમાં માત્ર શિલોંચ્છ વૃત્તિથીજ (વેરાયલું અન્ન વીણી લાવે તેનાથીજ) નિર્વાહ કરતા. એમાં પણ એક દ્રોણ (૩૨ શેર)થી વધારે અન્ન તો ભેગુંજ થવા દેતા નહિ! ઘરમાં જે કાંઈ હોય તેમાંથી તેઓ યાચકોને તથા દીન દુઃખીઓને છૂટે હાથે આપ્યે જતા; તથા સ્ત્રીબાળકોને હાથે પણ અપાવ્યા કરતા. તેઓ પોતે અને ઘરનાં સર્વ માત્ર મહીનામાં બેજ દિવસ–પૂર્ણિમાએ અને અમાસેજ–અન્ન જમતા; અને તે પણ દેવ તથા અતિથિઓને જમાડ્યા પછી વધે તેજ જમતા. આ ધર્માત્મા કુટુંબની આવી અતિ ઉદાર અને અસંગ્રહી વૃત્તિને લીધે વિશ્વંભર શ્રીહરિ પણ તેની કોઠી ખાલી ન પડવા દેતાં તેમાં હમેશેજ કર્યા કરતા! તેમનાં આવાં ઉત્તમ વૃત્તો તથા વખાણ સાંભળીને દિગંબરપણે વિચરતા મુનિશ્રેષ્ઠ દુર્વાસા, એ વાતની ખાત્રી કરવા માટે ગાંડા તપસ્વીના વેશે ભાતમાતનું બોલતા બોલતા પર્વના દિવસે તેમને ત્યાં પહોંચી ગયા અને ભિક્ષા માગી. મુનિશ્રેષ્ઠ મુદ્‌ગલે તેમને પણ જમવા બેસાડ્યા. તેઓ વારંવાર માગીને બધુંજ જમી ગયા. તથા કંઈક એઠું વધ્યું તે પણ શરીરે ચોપડીને ચાલ્યા ગયા! આ પ્રમાણે મહર્ષિ દુર્વાસા ૧૫–૧૫ દિવસને આંતરે લાગટ ૭ વખત પહોંચી ગયા; અને તેથી એ તપસ્વી કુટુંબ ૧૫ દિવસે એક વાર જમતું તે પણ બંધ પડ્યું! પરંતુ આમ ભૂખનું દુઃખ વેઠવા છતાં પણ તેમના મનમાં ક્રોધ કે અપમાનનો વિકાર જણાયો નહિ!! દુર્વાસા પણ કાંઈ જેવા તેવા ન હતા. દેશમાંના ઉત્તમ માનવોને તેમના ગુણોમાં અને આદર્શોમાં દૃઢ તથા ઉન્નત કરવાનું કાર્ય તે કરતા. મુનિ મુદ્‌ગલના અપૂર્વ ગુણોથી તેમણે અત્યંત પ્રસન્ન થઈને કહ્યું કેઃ–"આ લોકમાં તમારા જેવો નિર્વિકારી–સંયમી–સહનશીલ કે ઉદાર દાતા બીજો કોઈ પણ નથી; કારણ કે આ જગતમાં ભૂખ એવી અજબ વસ્તુ છે કે તે ભલભલાના પણ ધર્મ, ધૈર્ય અને જ્ઞાનનો નાશ કરે છે. વળી જે વસ્તુ મહામહેનતે મેળવી હોય તે વસ્તુ શુદ્ધ નિષ્કામભાવથી અને સત્કારપૂર્વક આપી દેવી એ પણ કાંઈ સહજ વાત નથી. તમારામાં ઇંદ્રિયજય, મનોજય, ઔદાર્ય અને ધૈર્યાદિના ગુણ જે આટલા બધા ખીલ્યા છે, તે જોતાં તમે તો ત્રણે લોકનો વિજય કર્યો છે. અને તેથી કરીને તમારા દાતાપણાનો મહિમા આ લોકમાં તો શું પરંતુ સ્વર્ગમાં પણ ગવાયા કરશે.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્યોમાં-હિંદુજાતિમાં-તો તપ, ત્યાગવૈરાગ, મોક્ષેચ્છા અને મહાત્માપણાં આવાં આવાં હોય ત્યારેજ સદા અને સર્વત્ર વખણાય, વંદાય અને ગવાય:-મહાતપસ્વી મુદ્દગલ અને મહર્ષિ દુર્વાસાની (આગલા ચિત્ર નીચે જણાવેલી) વાતચીત પૂરી થઈ, એવામાં એક સ્વર્ગનો દેવ વિમાન લઇને આવ્યો. તેણે કહ્યું કે, આપ પુણ્યકર્મવાળા હોવાથી સ્વર્ગમાં પધારો. પછી તપસ્વીના પૂછવાથી તે દેવ-તાએ સ્વર્ગથી માંડીને બ્રહ્મલોક સુધીની હકીકત અને ગુણદોષ વર્ણવ્યાં. મુદ્દગલે તે સાંભળીને કહ્યું કે, જ્યાં જઇ રહેવાથી પુણ્યરૂપી ઉત્તમ ધન ખર્ચાઇ જાય, અને તેથી પાછું આ પૃથ્વીપર પુણ્ય કમાવા માટે પડવું પડે, એવા સ્વર્ગલોકમાં કે બ્રહ્મલોકમાં પણ મારે આવવુંજ નથી. જ્યાં જવાથી પાછા આવવું પડતું નથી-અર્થાત્-જે સ્થાનને પામવાથી સદાને માટે દુઃખમાત્રની નિવૃત્તિ અને પરમ આનંદની પ્રાપ્તિ થાય છે એવા પરમ ધામનેજ હું તો પ્રાપ્ત કરીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

બ્રહ્મલોક લોં ભોગ જો, ચહે સબનકો ત્યાગ; વેદ-અર્થ-જ્ઞાતા મુનિ, કહત તાહિ વૈરાગ.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવતી સાવિત્રી:–આ મહાસતીએ મૃત્યુના દેવ યમરાજાને પોતાનાં જ્ઞાનચારિત્ર્યવડે એવા તો પ્રસન્ન કર્યા, કે તેઓ પાસે વિધાતાના છઠ્ઠીના લેખ પણ રદબાતલ કરાવીને પતિદેવના લીધેલા પ્રાણ પણ પાછા મૂકાવ્યા; પુત્રરહિત માતપિતાને સો પુત્રો અપાવ્યા; અને સાસુસસરાનાં ગયેલાં ચક્ષુ તથા રાજપાટ સુદ્ધાં અપાવ્યાં ! હે હિંદુ બહેનો અને બંધુઓ ! આપણે મહાન પૂર્વજોના આવા ઉત્તમોત્તમ આચારવિચાર ભૂલતાં ચાલ્યાં તેથીજ આવી અવદશાને પામ્યાં છીએ. જો હજી પણ ચેતીએ તો એવાં જ્ઞાનચારિત્ર્ય મેળવી ફેલાવીને ઉન્નત થવાની તક છે. હજી પણ કાંઇ અક્કલ હોય તો આવાં સ્ત્રીરત્નો માનવરત્નોનાં નામ અને કામ નિત્યપ્રતિ સ્મરણ કરો; સાંભળો–સંભળાવો; તથા બન્ને હાથ જોડીને શ્રદ્ધાભક્તિપૂર્વક તે દિવ્યાત્માઓના શ્રીચરણમાં નમસ્કાર કરીને પ્રાર્થો કે તેમનાં જ્ઞાનચારિત્ર્ય પાળવા–પળાવવાનું બળ અને આશીર્વાદ તમને પ્રાપ્ત થઇ તમારાં સુખ–સૌભાગ્ય પ્રકાશી ઉઠે !! જય ! ભગવતી સાવિત્રીની જય ! મહાસતી પાર્વતી, સીતા, અનસૂયા અને દમયંતી ઇત્યાદિની જય ! રામકૃષ્ણાદિ પુરુષોત્તમોની જય ! મહાન પૂર્વજો અને ઋષિમુનિઓની જય ! ભારતમૈયાની જય !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રાજા કર્ણની અપૂર્વ દાનવીરતાઃ-રાજા કર્ણ દરરોજ બપોરે જળાશયમાં ઉભા રહી સૂર્યદેવની ઉપાસના કરતા અને તે સમયે સુપાત્ર સાધુ બ્રાહ્મણો જે કાંઈ માગે તે આપતા. એકવાર સૂર્યદેવે તેને સ્વપ્નમાં ચેતાવેલો કે, બીજું ગમે તે દાનમાં આપજે પણ જન્મથી તારી ચામડી સાથે જોડાયેલાં કુંડળ અને કવચ આપતો નહિ; કેમકે તે હશે ત્યાંસુધી તું કશાથી મરવાનો નથી. પછી એક દિવસ ઇંદ્રે બ્રાહ્મણના વેશે જઇને એજ વસ્તુઓ માગી. રાજા કર્ણે કહ્યું કે, જોઈએ તો રાજપાટ પણ માગો; પરંતુ કવચકુંડળ તો અપાય તેમ નથી. બ્રાહ્મણે તો એનું એજ માગ્યું. રાજા કર્ણ તેને ઓળખી ગયો અને "આવી તક-આવો યાચક ફરી ફરીથી નહિ મળે" એમ સમજીને કહ્યું કે-"ભલે ત્યારે તે પણ આપું છું; પરંતુ તમારે મને પણ જોઈતી વસ્તુ આપવી જોઇએ." "ઇંદ્રે કહ્યું કે, મારા વજ્રસિવાય જે પણ કહો તે આપું." કુશળ કર્ણ રાજાએ શત્રુઓનો સંહાર કરનારી શક્તિ માગી. દેવોનો રાજા ઇંદ્ર તેનાથી પણ વધારે કુશળ હોવાથી એ શક્તિ તેણે એવી શરતે આપવા માગી કે બીજાં શસ્ત્ર હોય ત્યાંસુધી તે વાપરવી નહિ; અને વાપરવી ત્યારે પણ એકજ શત્રુ સામે અને એકજ વાર વાપરવી. કર્ણે એ શરત કબૂલ રાખી અને તરતજ કવચકુંડળ શસ્ત્રવડે ઉતરડીને શરીરથી છૂટાં પાડવા માંડયાં. કેવું મહાકષ્ટનું કાર્ય! છતાં પણ તેના મુખપર દુઃખની જરાપણ લાગણી જણાવાને બદલે એતો ઉલટો ચામડીને કાપતો જાય અને હસતો જાય! તેની આવી અદ્‌ભુત દાનવીરતા જોઇને દેવ, દાનવ, માનવ, સર્વ સિંહનાદ કરવા લાગ્યાં; દિવ્ય દુંદુભી વાગવા લાગ્યાં અને ઉપરાઉપરી પુષ્પવૃષ્ટિ થવા લાગી! આ કળિકાળમાં તો ધોળે દિવસે અને ભરબજારમાં લૂંટ ચલાવે અને તેમાંથી બહુ તો બે-ચાર ટકા લોકકીર્તિ માટે દાનમાં આપી પરમેશ્વરને પટાવી કહાડે; અને બાકીનું બધું પોતાનાંજ સંતાનોને આપી જાય! અને તે છતાં પણ પોતાને રાજાજનક જેવા જીવન્મુક્ત કે રાજા કર્ણ જેવા દાતા માને-મનાવે! ખુશામતખોર સ્વાર્થી યાચકો પણ ટકાના તેર હોવાથી તેને મિથ્યાભિમાનરૂપી સુરાપાનના પ્યાલાઓ ઉપરાઉપરી પાયે જાય; એટલે પછી ' [illegible] એવા ખુશામતપ્રેમી દાતાઓને અને ખુશામતખોર યાચકોને સદ્‌બુદ્ધિ આપે એજ પ્રાર્થના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કંક" એવું નામ અને સાદા બ્રાહ્મણનો વેશ રાખી યુધિષ્ઠિરે વૈરાટ રાજાનો આજ્ઞાંકિત નોકર થવા માગણી કરી; પણ તેમની ભવ્ય કાંતિ, નિડર અને સુંદર ચ્હેરો, મદોન્મત્ત હાથી જેવી ચાલ, વગેરે જોઇ વૈરાટને એવુંજ લાગ્યું કે જાણે કોઇ ચક્રવર્તી સમ્રાટ કે સ્વર્ગનો ઇંદ્રજ આવતો હોયને! આથી તેણે પુષ્કળ સત્કાર કર્યો; તથા અત્યંત વિનયપૂર્વક કહ્યું કે, હે મિત્ર! કૃપા કરીને આપ મારૂં રાજ્ય ચલવો. કેમકે આપ એવાજ અધિકારને યોગ્ય છો તથા મુરબ્બી જેવા લાગો છો. આપની અવજ્ઞા કરશે તેને હું સખ્ત સજા કરીશ. માન, સત્તા, આસન, સ્થાન, ખાનપાન, વાહન, લોકહિત, દાન, ઇ૦ સર્વ બાબતમાં આપ હવે મારા બરોબરીઆ ગણાશો અને હું આપની આજ્ઞામાં રહીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કાં તો પૂર્ણ પુરુષોત્તમ, કે કાં તો ભોળાં ધન-માનવનાં ટોળાં! બેમાંનું જે તે એકજ લઈ શકશો; બંને નહિ! વાત એવી બની કે અર્જુન અને દુર્યોધન બન્ને સહાય લેવા દ્વારિકાં પહોંચ્યા. શ્રીકૃષ્ણે વિચારપૂર્વક બે વિભાગ કર્યા; અને પોતે, તથા પોતાનું લશ્કર; એ બેમાં જેને જે ગમે તે અકેક માગી લેવા કહ્યું. પગ પાસે બેઠેલા વિવેકી અર્જુનને મન "શ્રીકૃષ્ણ જેવા ભલે બાહ્ય શસ્ત્રવગરના અને એકાકી હોય તોપણ તેજ અપાર ઉપયોગી, સર્વકળાસંપન્ન અને સર્વદાયક" હતા; એટલે તેણે તેમનેજ માગી લીધા! અને માથા તરફ બેઠેલા મિથ્યાભિમાની દુર્યોધનને મન મોટું સૈન્યજ મોટી વસ્તુ હોવાથી તેણે તેજ માગી લીધું! પરિણામે ધર્મી અર્જુનને મળ્યો વિજય, ભોગ અને મોક્ષ; ત્યારે અધર્મી દુર્યોધનને મળ્યાં પરાજય, મૃત્યુ અને નર્ક! વાંચનાર! તને શું ગમે છે? પ્રાણીપદાર્થનાં નાશવંત ટોળાં? કે પેલો કૃષ્ણ જેવો અજ્ઞાનની આત્યંતિકી નિવૃત્તિપૂર્વક પરમાનંદની નિત્ય પ્રાપ્તિ કરાવનારો પરમ ઉદાર કુશળ ગોવાળ (ગોપાળ) સચ્ચિદાનંદ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મહર્ષિ સનત્સુજાતના ધૃતરાષ્ટ્ર પ્રત્યેના ઉપદેશમાંથી આટલું તો ભૂલતાજ નહિ કેઃ-જન્મ-મરણ, પાપ-દુઃખ, વગેરે જે વારંવાર થયાજ કરે છે; તેનું મૂળ કારણ-"અજ્ઞાન"જ છે. એ શત્રુ પોતેજ એવાં તેવાં અનેક રૂપે માનવનાં તનમન ઉપર શિકારી પેઠે ચઢી બેસીને ચૂસી રહ્યો છે. દુઃખમાં સુખબુદ્ધિ, અનિત્યમાં નિત્યબુદ્ધિ, વગેરે પણ તેનાં એવાં દુષ્ટ સંતાન છે કે તે ઉંદર પેરે ફુંકી ફુંકીને માનવનું સદ્‌ગુણસંપત્તિરૂપી સર્વસ્વ હોઇયાં કરી રહ્યાં છે; અને તેથીજ તે બિચારો અનિત્ય ધનવૈભવનો ગુલામ બની રહ્યો છે! હે માનવબંધુ! એ અજ્ઞાન-શત્રુનો જો તારે જડમૂળથી નાશજ કરવો હોય; અને તે કામ માટે જો તારે-પરમ સુહૃદ, સુખદ અને સમર્થ સહાયક જોઇતો હોય, તો તો આપણા ઋષિમુનિઓએ વેદ-કાળથીજ "જ્ઞાન" નામે એક મહાપરોપકારી મિત્ર સર્વને માટે તૈયારજ કરી રાખ્યો છે, કે જે તેના સમાગમીને સૂર્યની પેરે ધર્મનો માર્ગ દર્શાવ્યા કરે; અને વળી રસ્તે ચાલવાની ગતિમતિ પણ એવી આપ્યા કરે કે જેથી દુષ્ટ શત્રુ-અજ્ઞાનનો તો એના જડમૂળ તથા કુટુંબપરિવાર સાથે ધાણજ નીકળી જાય! બાકી સકામ કર્મોથી તો એવું ન થતાં ઉલટો શત્રુ ખીલશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीकृष्ण विष्टी–पांडव कौरव वच्चे मेळ कराववानो प्रयत्न.

દુર્યોધનની રાજસભામાં જઇ ભગવાન શ્રીકૃષ્ણે નીતિ રીતિ, ધર્માધર્મ, વ્યવહાર પરમાર્થ, લોક પરલોક, લાભ હાનિ ઇ૦ દુર્યોધનને પુષ્કળ સમજાવ્યું. કૌરવપક્ષના સર્વ વડીલો, આચાર્યો અને માતા ગાન્ધારીએ પણ સમજાવવામાં કસર રાખી નહિ. પણ જેના અંતરમાંજ કામક્રોધાદિ શત્રુ ભરેલા હોય તે કંઇ માને! "બસ, સોય જેટલી પણ ભૂમિ આપું નહિ" એમ કહી ઉલટો શ્રીકૃષ્ણનેજ કેદ કરવા તૈયાર થયો! સર્વ ઐશ્વર્યસંપન્ન શ્રીકૃષ્ણ તો એ જોઈ હસીજ પડ્યા; અને પોતાના સાથીને તલવાર ખેંચતા રોકીને જગતસમ્રાટ પેઠે ત્યાંથી નિડરભાવે ચાલ્યા ગયા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીષ્મ અને ભગવાનઃ—ભીષ્મનું અપાર પરાક્રમ અને અર્જુનનું લાગણીવશ મોળાપણું જોઇને શ્રીકૃષ્ણ "હવે તો હું પોતેજ અધર્મી રાજાઓનો નાશ કરી ધર્મપ્રેમી યુધિષ્ઠિરને રાજ્ય અપાવીશ." એમ કહી રથ ઉપરથી કુદી પડ્યા; તીક્ષ્ણ ધારવાળું વિજળીસમું સુદર્શન લઇ પ્રત્યેક ડગલે પૃથ્વી કંપાવતા થકા સિંહ, પ્રલયાગ્નિ અને ધૂમકેતુ પેરે ભીષ્મ તરફ ધસ્યા. ભીષ્મ પણ બન્ને હાથે ધનુષ્ય ખેંચી સ્થિર ચિત્તે બોલ્યાઃ—"હે ચક્રપાણિ! આવો, આવો, હું આપને નમસ્કાર કરૂં છું. આપજ મને રથમાંથી નીચે પાડો. પ્રભો! આપને હાથે મરણ એ તો સંસારતરણ" આમ પોતાના મોળાપણાથીજ પ્રભુને શસ્ત્ર લેવું પડેલું જોઇ અર્જુન પણ ઉતરી દોડીને તેમને વળગી પડ્યો, અને તોપણ છેક દશમે [illegible] કે, "હવે હું સર્વ બળથી લઢીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક–યુધિષ્ઠિરને સંબંધીઓના શોકમાં ડૂબેલા જોઇને ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કેઃ–હે રાજા ! તમારા વીરશ્રેષ્ઠ સગાસંબંધીઓ ક્ષાત્રધર્મથીજ હણાયા છે અને સ્વર્ગમાંજ ગયા છે; માટે તમે શોકનો ત્યાગ કરીને રાજકાર્યો કરો, શત્રુઓને હણો, પ્રજાનું પાલન કરો અને બ્રાહ્મણોનું પૂજન કરો. પછી તે સંતાપથી રહિત થઇને દ્રૌપદીસહિત રાજસિંહાસને બિરાજ્યા. આસપાસ વડીલો, માતાઓ, પુરોહિતો અને બંધુઓ વગેરે બિરાજ્યા. શ્રીકૃષ્ણની આજ્ઞાથી પુરોહિતે યજ્ઞવેદી તૈયાર કરી ઘૃત હોમાવ્યું. પછી શ્રીકૃષ્ણ ભગવાને પાંચજન્ય શંખવડે યુધિષ્ઠિરને અભિષેક કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કવચ અને ધ્વજ ભેદાઈ જતાં ભીષ્મ પડ્યા. પૃથ્વીપર ન પડતાં દેહમાં વાગેલાં બાણોની બાણશય્યામાંજ સૂતા અને ઉત્તરાયણના સૂર્ય થવા પર શરીર તજવાનું રાખી ધ્યાનપરાયણ થયા. પાંડવો, કૌરવો, રાજામહારાજાઓ વગેરે વિંટાઈ વળીને વંદન તથા સ્તુતિ કરવા લાગ્યા. પિતામહે ઓશીકું અને જળ માગતાં રાજાઓ સુંવાળાં ઓશીકાં, રત્નજડિત સુવર્ણની ઝારીઓ વગેરે લઈ આવ્યા, પણ તે કામમાં ન લેતાં ધર્મવેત્તા અર્જુનનેજ કહ્યું. તેણે ત્રણ બાણથી ઓશીકું કરી આપ્યું, અને એક બાણવડે બાણગંગાનું પાન કરાવ્યું. મહાન પિતામહે તેને ઘણોજ ધન્યવાદ આપ્યો. પછી દુર્યોધનને કહ્યું કે, "શ્રીકૃષ્ણ કોપ્યા નથી ત્યાંસુધીમાં હે તાત! હજી પણ અર્ધું રાજ્ય આપી પાંડવો સાથે સંધિ કરી લે. લડવાનું છોડી દે. મારૂં નહિ માને તો બહુજ પસ્તાવું પડશે." દુર્મતિ દુર્યોધને તે નજ માન્યું. પછી પિતામહ બાણોની વેદના સહેતા થકા મનને પ્રભમાં જોડી શાંત થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રાજ્યાભિષેક થયા પછી રાજાયુધિષ્ઠિર ભગવાન શ્રીકૃષ્ણ પાસે ગયા; અને બે હાથ જોડી પલંગપાસે ઉભા ને વંદન કર્યું. મંદમંદ હસતાં કુશળતા પૂછી રાજ્યાદિ મળવા માટે આભાર માન્યો. હજીપણ તેમને ધ્યાનમગ્ન જોઈ પૂછ્યું:–"હે પ્રભો! આપ કોના ધ્યાનમાં છો? તે કૃપા કરીને કહો. હું આપનો શરણાગત છું, ભક્ત છું, યાચક છું." વાસુદેવ ધ્યાનમુક્ત થતાં મંદમંદ હસતા બોલ્યા:–"બાણશય્યામાં પોઢેલા નરકેસરી ભીષ્મે મારે શરણ થઈ મારૂં ધ્યાન ધરવાથી હું મનવડે ત્યાં ગયો હતો." વળી (વિના પૂછ્યે) વધુમાં પણ કહ્યું કે, "પરશુરામ અને વસિષ્ઠ જેવા ગુરુઓને સેવનારા, વેદવેત્તા, ધર્મનીતિના સર્વોપરિ જ્ઞાતા, અડંગટેકી, નષ્ઠિક બ્રહ્મચારી અને સર્વ વિદ્યાઓ તથા પુષ્કળ અનુભવોના ભંડાર એવા પિતામહનો દેહાન્ત થતાં આ જગતમાંથી એ સર્વ જ્ઞાનનો અસ્ત થઈ જઈ પૃથ્વી નિસ્તેજ થશે; માટે ત્યાં પહોંચી જાઓ અને સદા સાથે રહે એવો સર્વોત્તમ ખજાનો–વારસો મેળવી લ્યો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ब्रह्मवेत्ताओ वच्चे बाणशय्यापर पोढेला भीष्मपितामहे–મનવાણીકાયાથી પવિત્ર થઇ બે હાથ જોડયા, ભગવાન મધુસૂદનનું ધ્યાન ધર્યું, અને ધીર ગંભીર સ્વરથી 'ભીષ્મસ્તવરાજ'દ્વારા સ્તુતિ કરીને સર્વભાવથી તેમને શરણ થયા. ભક્તવત્સલ માધવ તરતજ તે જાણી જઈ મનોમય–સૂક્ષ્મશરીરથી ત્યાં પહોંચી ગયા; દર્શન દઈ સર્વ પીડા દૂર કરી દીધી, અને ત્રિલોકી તથા ત્રિકાળને પણ જાણવાની શક્તિ આપી! પછી મહાભક્ત ભીષ્મે ગદ્‌ગદ્ કંઠે **श्रीकृष्णाय नमः** કહીને મનોમય પ્રણામ કર્યા. પછી આગળ કહ્યા મુજબ માધવે સ્વશરીરમાં આવી શરણાંગત ભક્ત યુધિષ્ઠિરને માગ્યાવિનાજ જે સૂચના આપી, તે પ્રભુપ્રેરણાને તેમણે ગદ્‌ગદ્ કંઠે માથે ચઢાવી; પરંતુ સ્વાશ્રયના મિથ્યાભિમાનમાં ન ડૂબતાં શ્રીહરિને આગેવાન બનાવીનેજ તે પિતામહ પાસે ગયા!! પછી તો કહેવુંજ શું! તેમનો જ્ઞાનાનુભવનો અદ્‌ભુત ખજાનો એટલો બધો મળ્યો, કે હજારો વર્ષથી તેનો લાભ જે કોઇ ઇચ્છે તે **શાંતિપર્વ**દ્વારા લઇ શકે છે!!!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar